dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-06 | AD-2026, Bhadarva Vad-11 | Tuesday, Dt. 06-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ચૂંટણી પંચમાં નિર્ણયોની પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ

# CEC સામે વચગાળાનો સ્ટે આપવાનો ઇનકાર, કેન્દ્ર અને ECને નોટિસ

નવી દિલ્હી,તા.૦૫

ભારતના ચૂંટણી પંચની નિર્ણય પ્રક્રિયા અને કાર્યપધ્ધતિને પડકારતી અરજીઓ પર સર્વોચ્ચ અદાલતમાં મહત્વપૂર્ણ સુનાવણી યોજાઈ હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્ય બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાનીની બેન્ચે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને તાત્કાલિક હોદ્દા પરથી દૂર કરવા કે તેમના કાર્ય પર વચગાળાનો સ્ટે આપવાની માંગ ફગાવી દીધી છે. જોકે, કોર્ટે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવીને સ્પષ્ટતા માંગી છે.અરજદારો રાકેશ કુમાર સિંહ અને એડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠી વતી એડવોકેટ વિકાસ સિંહે દલીલ કરી હતી કે, મુખ્ય ચૂંટણી કમિશનરે અન્ય બે ચૂંટણી કમિશનરોની સંમતિ મેળવ્યા વિના એકપક્ષીય રીતે નિર્ણયો લીધા છે.



૨૦૨૩ના કાયદાની કલમ ૧૮ મુજબ પંચમાં તમામ નિર્ણયો સર્વસંમતિ કે બહુમતીથી લેવાના રહે છે. આ દલીલો સામ સામે સાંભળતા ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે જણાવ્યું કે, 'માત્ર અખબારી અહેવાલોના આધારે અમે આવો વચગાળાનો આદેશ પસાર કરી શકીએ નહીં. ૧૦ દિવસમાં કોઈ આકાશી આફત આવી જવાની નથી. જો તપાસમાં સાબિત થશે કે નિર્ણયો નિયમ વિરુધ્ધ કે સર્વસંમતિ વિના લેવાયા છે, તો કોર્ટ તેને રદ કરી દેશે.'અરજીમાં એવો પણ ગંભીર આરોપ મૂકવામાં આવ્યો હતો કે, 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા દરમિયાન મતદાર નોંધણી માટેના 'ફોર્મ ૬' માં સોફ્ટવેર દ્વારા નવા સુધારા ઉમેરી દેવાયા હતા અને તેને સુપ્રીમ કોર્ટની મંજૂરી હોવાનો દાવો કરાયો હતો. આ મુદ્દે સીજેઆઈએ સ્પષ્ટ કર્યું કે, 'અમે ફોર્મ ૬માં કોઈ પણ ફેરફારને મંજૂરી આપી નથી. રજૂ થનારા રેકોર્ડ પરથી અમે જોઈશું કે આ સુધારા કોણે અને કઈ સત્તા હેઠળ કર્યા છે.'

આ ઉપરાંત ગોવા અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી સુધારણા સંદર્ભે પણ કેટલીક ગંભીર ખામીઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી રેકોર્ડ મંગાવીને વધુ સુનાવણી આવતા અઠવાડિયે મુલતવી રાખી છે.




# આજે ૨૪ રાજ્યોમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી,તા.૦૫

ચોમાસાની વિદાય પ્રક્રિયા વચ્ચે દેશભરમાં હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગે (IMD) ૬ ઓક્ટોબરના રોજ દેશના ૨૪ જેટલા રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડા સાથે આંધીની ગંભીર ચેતવણી જારી કરી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલી મજબૂત સિસ્ટમના કારણે પૂર્વ અને ઉત્તર ભારતના વિસ્તારોમાં હવામાનનું જોખમ વધી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોમાં કેટલાક સ્થળોએ મુશળધાર વરસાદ પડી શકે છે. આ સમયગાળા દરમિયાન કલાકના ૭૫ કિલોમીટરની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી વિસ્તારોમાં ભારે વરસાદની સાથે ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) થવાનું જોખમ રહેલું છે, જેનાથી



વાહનવ્યવહાર ખોરવાઈ શકે છે. પૂર્વ ભારતમાં ગાજવીજ અને તીવ્ર વીજળીના ચમકારા સાથે વરસાદ વરસવાની આગાહી હોવાથી નાગરિકોને ઘરમાં જ રહેવા અને સુરક્ષિત સ્થળે આશ્રય લેવા સૂચના આપવામાં આવી છે. ચોમાસું પાક લણણીના તબક્કામાં હોવાથી ખેડૂતોને પાકનું રક્ષણ કરવા માટે ખાસ તકેદારી રાખવા જણાવાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ કરંટ જોવા મળી શકે છે, તેથી માછીમારોને તાત્કાલિક અસરથી સુરક્ષિત સ્થળે પાછા ફરવાની અને દરિયામાં ન ખેડવાની કડક સલાહ અપાઈ છે.















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૬-૧૦-૨૦૨૬

# વડિયાના અમરાપુર-બરવાળા બાવીશી ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખનું ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સ્વાગત

વડિયા,તા.૦૫



વડિયાના અમરાપુર અને બરવાળા બાવીશી ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા તેમજ અતુલ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટ દ્વારા જગદીશ વિશ્વકર્માને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરાયું હતું. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળ સંચય અને જળ સંરક્ષણ ક્ષેત્રે કામગીરી કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ દ્વારા ૧,૧૧,૧૧૧ જળસંચયના કામો કરવાનો સંકલ્પ કરાયો છે, જેમાં ૨૦ હજારથી વધુ સ્ટ્રક્ચર તૈયાર થઈ ચુક્યા છે. કાર્યક્રમમાં અરવિંદ ડોબરીયા સહિત ટ્રસ્ટના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કુંકાવાવ-વડિયા પંથકમાં સિંહ-દીપડાના હુમલાને લઈ આપ દ્વારા મામલતદારને આવેદન પાઠવ્યું

વડિયા, તા.૦૫



કુંકાવાવ-વડિયા વિસ્તારમાં સિંહ તેમજ દીપડાના હુમલાની ઘટનાઓને લઈ આમ આદમી પાર્ટી દ્વારા વડિયા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. વન અને પર્યાવરણ મંત્રીને ઉદેશીને આપવામાં આવેલા આવેદનમાં મનસુખભાઈ ગોંડલીયા સહિત આગેવાનોએ માનવ વસાહત નજીક વન્યપ્રાણીઓના આંટાફેરા રોકવા અને લોકોની સુરક્ષા માટે યોગ્ય પગલાં ભરવા માંગ કરી હતી. અરજણસુખ અને હનુમાન ખીજડીયા ગામે બનેલી હુમલાની ઘટનાઓને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છે. તા.૦૨/૧૦/૨૦૨૬ના રોજ અરજણસુખ નજીક સિંહણના હુમલામાં વન કર્મી સહિત પાંચ લોકોને ઈજા થઈ હોવાની રજૂઆત કરવામાં આવી હતી. વન વિભાગ માત્ર પાંજરે પૂરવાની કામગીરી ન કરી સતત દેખરેખ રાખે તેમજ અસરગ્રસ્તોને સહાય અને વળતર આપે તેવી માંગ કરાઈ હતી. આ પ્રસંગે સુખાભાઈ વાળા, દિલીપભાઈ શીંગાળા સહિતના આગેવાનો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના ગોપાલગ્રામની પરિણીતા પુત્ર સાથે લાપતા બનતા શોખખોળ

**પરિણીતા ન મળતા આખરે ચલાલા પોલીસમાં જાણ કરવામાં આવી**

ચલાલા, તા. ૦૫

ચલાલાના ગોપાલગ્રામની પરિણીતા પોતાના પુત્ર સાથે ઘરેથી ચાલી નીકળી હતી. પ્રકાશભાઈ મગનભાઈ કાલાણી (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની વૈશાલીબેન પોતાના છ વર્ષીય દીકરાને સાથે લઈને ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની રીતે ચાલી ગયાં છે. તેમની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરાઈ હતી.ચલાલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના નાજાપુર ચોકડીથી નટવર ચોકડી સુધીના માર્ગને રૂ.૪૦ કરોડના ખર્ચે પહોળો કરવાની મંજૂરી

**રાજ્ય સરકારે મંજૂરી આપતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ**

બગસરા,તા.૦૫



બગસરાના નાજાપુર ચોકડીથી બાલાપુર, માવજીંજવા, ડેરી પીપરીયા થઈ નટવર ચોકડી સુધીના માર્ગને ૭.૦૦ મીટર પહોળો કરવા અંદાજીત રૂ.૪૦ કરોડના ખર્ચની સૈધ્ધાંતિક મંજૂરી મળતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી સ્થાનિકો દ્વારા આ માર્ગ પહોળો કરવાની માંગણી કરવામાં આવી રહી હતી. મંજૂરી મળતા સમગ્ર વિસ્તારના વાહન વ્યવહારને વધુ સુવિધા મળશે તેમજ વિકાસને નવી ગતિ મળશે. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મિતલબેન પ્રદીપભાઈ ભાખર તથા બગસરા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ પ્રદીપ ભાખરે સરકારનો આભાર માન્યો હતો.

# વક્તૃત્વ સ્પર્ધામાં બગસરા મેઘાણી હાઈસ્કુલની વિદ્યાર્થીની જિલ્લામાં પ્રથમ

અમરેલી, તા.૦૫



ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત વિકસિત ભારત ૨૦૪૭-સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મેઘાણી હાઈસ્કૂલની ધોરણ ૧૨ સાયન્સની વિદ્યાર્થીની પ્રીતિ કાનજીભાઈ ડાબસરાએ સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. પ્રીતિ ડાબસરાએ એ વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યુ હતું. તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વડિયા પંથકમાં વન્યપ્રાણીઓનો વસવાટ વધતા વન વિભાગની કચેરી ખોલવા માંગ

વડિયા,તા.૦૫

છેલ્લા સાત-આઠ વર્ષથી વડિયા પંથકમાં સિંહો સહિત દીપડા, હરણ, વાંદરા અને નીલગાય જેવા વન્યપ્રાણીઓનો કાયમી વસવાટ જોવા મળી રહ્યો છે. ત્યારે લીલીયા વાઈલ્ડ લાઈફ હેઠળ આવતા આ વિસ્તારમાં વન વિભાગની કચેરી નહીં હોવાના કારણે કામગીરી ચાર્જ અને ટ્રેકર આધારિત ચાલી રહી છે. હાલ બે કર્મચારી તાલીમમાં હોવાના કારણે વ્યવસ્થા વધુ મુશ્કેલ બની છે.

હનુમાન ખીજડીયા ગામે દીપડાએ સાત વર્ષીય બાળક પર હુમલો કર્યો હોવા છતાં લોકો કાર્યવાહી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. અગાઉ ગામમાં દીપડો કુતરાનો શિકાર કરતો સીસીટીવીમાં પણ દેખાયો હતો. અરજણસુખ ગામે સિંહણે પાંચ લોકો પર હુમલો કરતા વન વિભાગે સિંહણને પાંજરે પુરવી પડી હતી. ત્યારે વારંવાર બનતી આવી ઘટનાઓ વચ્ચે વડિયા તાલુકા મથકે પૂરતા સ્ટાફ અને સવલતો સાથે વન વિભાગની કચેરી ફાળવવામાં આવે તેવી ખેડૂતો, પશુપાલકો અને સિંહપ્રેમીઓમાં માંગ ઉઠી છે.

# રાજુલા પોલીસે ૨૩ વર્ષથી ફરાર આરોપીને મોરબીથી ઝડપી પાડયો

અમરેલી,તા.૦૫



રાજુલા પોલીસે છેતરપિંડીના ગુનામાં ૨૩ વર્ષથી ફરાર આરોપી પ્રકાશ રતિલાલ બધાણી ઉર્ફે બદાણીની મોરબીથી ધરપકડ કરી છે. આરોપી પીપાવાવ પોર્ટ પર સુરક્ષા સુપરવાઈઝર હતો અને ૨૦૦૩માં સુરક્ષા કર્મચારીઓના રૂ.૯૪,૬૮૫ પગાર લઈને ફરાર થયો હતો. આ અંગે IPC ૪૦૬ અને ૪૨૦ મુજબ ગુનો નોંધાયો હતો. રાજુલા PI વી.એમ. કોલાદરાની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી તેને ઝડપી પાડયો હતો. આરોપી ઉપર રૂ.૧૦ હજારનું ઈનામ જાહેર કરાયું હતુ.

# જે.વી.કાકડીયાની હાજરીમાં ધારીના ઝરપરા-ઝર વચ્ચે નવા પેવર રોડનું કરાયું ખાતમુહૂર્ત

ધારી,તા.૦૫


તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના ઝરપરા ગામેથી ઝર ગામ સુધી નવા બનતા પેવર રોડનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝર ગામના સરપંચ દિલાવરભાઈ લલીયા, તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, અમરેલી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરબાપુ, રહીમભાઈ લલીયા, અનુભાઈ લલીયા, તાલુકા પંચાયત સદસ્ય પોપટભાઈ દાફડા, ઝરપરા સરપંચ છગનભાઈ સોલંકી, વશરામભાઈ સોલંકી સહિત આગેવાનો હાજર રહ્યા હતા. ઝરથી ઝરપરા રોડનું કામ શરૂ થતાં ગ્રામજનોમાં ખુશી જોવા મળી હતી. આ તકે ગ્રામજનોએ ધારાસભ્ય જે.વી. કાકડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બજરંગ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે રાજુલામાં બેઠક યોજાઈ

રાજુલા,તા.૦૫


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા માર્કેટિંગ યાર્ડના પટાંગણમાં પૂ.બજરંગ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે ભવ્ય બેઠક યોજાઈ હતી. જેમાં રાજુલા, સાવરકુંડલા અને ખાંભા વિસ્તારના બાપા સીતારામના વિવિધ મંડળોના ભાઈ-બહેનો અને સેવાભાવી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આગામી તા. ૧૯ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૭ સુધી બગદાણા ખાતે ૧૦૮ કુંડી મહાવિષ્ણુયાગનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ સમગ્ર આયોજન દરમિયાન ચોવીસ કલાક રસોડાની વ્યવસ્થા રાખવામાં આવશે. ૮૮૦ ગામના મહિલા મંડળો તથા ૪૬૪ ભાઈઓના મંડળો વિવિધ સેવા કાર્યમાં જોડાશે.

રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સેવાભાવી મંડળોના કાર્યની પ્રશંસા કરી હતી. બેઠકમાં બગદાણાની સમગ્ર ટીમ સહિત આગેવાનો અને સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરાના હામાપુર ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનું આયોજન, કબડ્ડી સહિતની રમતો યોજાઈ

બગસરા,તા.૦૫



તસવીર : હાર્દિક બામટા

બગસરા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડી સહિતની રોમાંચક રમતોનું ભવ્ય આયોજન એલ.કે. બાબરીયા હાઈસ્કુલ, હામાપુર ખાતે ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લઈને પોતાની ખેલ પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા રમત ગમત અધિકારી પૂનમબેન કુમકિયા, મેઘાણી હાઈસ્કુલના આચાર્ય વિનોદભાઈ જેઠવા, તાલુકા કન્વીનર મનોજભાઈ મહીડા, હામાપુર હાઈસ્કુલના આચાર્ય વિપુલભાઈ તેમજ વિવિધ શાળાઓના આચાર્યો અને વ્યાયામ શિક્ષકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવે ગ્રામ્ય અને શહેરી યુવા ખેલાડીઓને પોતાની કુશળતા દર્શાવવા માટે ઉત્તમ મંચ પૂરું પાડ્યું હતું. અંતમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વિજેતા અને સહભાગી ખેલાડીઓને બિરદાવી ભવિષ્યમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.










# નવરાત્રીના આગમનની રાહ, જિલ્લાના ગરબા રસિકોમાં ઉત્સાહનો માહોલ

અમરેલી,તા.૦૫

રવિવારે આસો સુદ એકમથી શરૂ થતા મા આરાધનાના મહાપર્વ નવરાત્રીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ગરબા રસિકો અને ખેલૈયાઓમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના પર્વને લઈને શહેરના શેરી-મહોલ્લાઓ, પાર્ટી પ્લોટો તેમજ ખાનગી ગરબા એકેડેમીઓમાં તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગરબાના તાલે ઝૂમવા માટે યુવાનો અને યુવતીઓ રાત-દિવસ પ્રેક્ટિસ કરી રહ્યા છે.પરંપરાગત ગરબાની સાથે સાથે હાલના ટ્રેન્ડ મુજબ અર્બન અને ફ્યુઝન ગરબાના સ્ટેપ્સ શીખવા માટે પણ ખેલૈયાઓ ખાસ મહેનત કરી રહ્યા છે. દોઢિયા, પોપટિયું અને હુડો જેવા પરંપરાગત ગરબાના વિવિધ સ્ટેપ્સ પર પ્રભુત્વ મેળવવા માટે કલાકો સુધી પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. અનેક સ્થળોએ ગ્રુપ બનાવીને ખેલૈયાઓ ગરબાની તાલીમ લઈ રહ્યા છે. ગરબાના ગીતો સાથે તાલમેલ જળવાઈ રહે તે માટે ઢોલના તાલે પણ પ્રેક્ટિસ કરવામાં આવી રહી



છે.નવરાત્રી દરમિયાન પોતાના પરંપરાગત પહેરવેશમાં ગરબે રમવાનો ક્રેઝ પણ યુવાઓમાં જોવા મળી રહ્યો છે. જેના પગલે શહેરના બજારોમાં ટ્રેડિશનલ ચણિયાચોળી, કેડિયા, કફની, દુપટ્ટા તેમજ એન્ટિક જ્વેલરીની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. યુવતીઓમાં અલગ અલગ ડિઝાઈન અને કલરના ચણિયાચોળીની માંગ વધી છે, જ્યારે યુવકો પણ કેડિયા અને પરંપરાગત પહેરવેશની ખરીદી કરી રહ્યા છે. ગરબા માટે મેચિંગ જ્વેલરી, ઓક્સિડાઈઝ્ડ દાગીના અને વિવિધ પ્રકારની એસેસરીઝની પણ ખરીદી થઈ રહી છે.નવરાત્રીને લઈને આયોજકો દ્વારા પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગરબા સ્થળોએ સાઉન્ડ સિસ્ટમ, લાઈટિંગ અને અન્ય વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં શેરી ગરબાની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ગરબામાં જોડાવા માટે આતુર બન્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાલ સાંજ પડતા જ ગરબાના તાલ અને તાલીઓનો ગૂંજ સંભળાઈ રહ્યો છે. મા અંબાની આરાધના સાથે ગરબે ઘૂમવા માટે સમગ્ર જિલ્લો આતુરતાપૂર્વક નવરાત્રીની રાહ જોઈ રહ્યું છે.

**શેરી-મહોલ્લાથી પાર્ટી પ્લોટ સુધી ગરબાની પ્રેક્ટિસ તેજ, ચણિયાચોળી અને કેડિયાની ખરીદી માટે બજારોમાં ભીડ**

## રાજુલામાં આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ સન્માન કરાયું

રાજુલા,તા.૦૫



રાજુલા શહેરના ભેરાઈ રોડ ઉપર લીલાપીરની ધાર પાસે આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ૩૧ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. નગરપાલિકાના માજી ઉપપ્રમુખ ચિરાગભાઈ જોશી, નગરપાલિકા સદસ્ય અર્ચનાબેન પરાગભાઈ જોશી, આઈસીડીએસ મુખ્ય સેવિકા તેજલબેન પુરોહિત સહિત ભાજપના કાર્યકરોએ મુલાકાત લીધી હતી. આંગણવાડી વર્કર કોમલબેન શીલુ અને હેલ્પર મિનાજબેન બેલીમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કિશોરીઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## રાજયમંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં અમરેલીની દિપક હાઈસ્કૂલ ખાતે ચિત્ર સ્પર્ધા

અમરેલી,તા.૦૫

અમરેલીની જાણીતી દીપક હાઈસ્કૂલ ખાતે રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને પ્લેટફોર્મ આપવા માટે ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાની



વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને ચિત્રો દ્વારા રજુ કર્યું હતું. રાજ્યમંત્રીએ વિદ્યાર્થીઓના રોડમેપ, ડિજિટલ ઈન્ડિયા, ગ્રીન એનર્જી અને સ્પેસ ટેકનોલોજી જેવા વિષયો પરના ચિત્રો નિહાળીને સર્જનાત્મક પ્રતિભાની પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં હોદેદારો, દીપક હાઈસ્કૂલના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકો, સ્પર્ધક વિદ્યાર્થીઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં કલાની સાથે રાષ્ટ્રીય ભાવનાનો પણ સંચાર થાય છે.

## અમરેલીમાં નેશનલ રૂરલ આઈટી ક્વિઝ અને ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ યોજાશે

અમરેલી,તા.૦૫

અમરેલીમાં ડિસ્ટ્રિક્ટ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગિરધરભાઈ સંગ્રહાલય અને બાલ ભવન દ્વારા ગુજકોસ્ટ, ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ આગામી ૭મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નેશનલ રૂરલ આઈટી ક્વિઝ તેમજ ૯મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં જિલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. સ્પર્ધા અંગે વધુ માહિતી મેળવવા તેમજ રજીસ્ટ્રેશન માટે ડાયરેક્ટર નિલેશ પાઠકના મોબાઈલ નંબર ૯૯૨૫૦૪૮૭૩૩ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લેવા અપીલ કરાઈ છે.

## બગસરામાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભવ્ય શ્રધ્ધાંજલિ સભા યોજાઈ

બગસરા,તા.૦૫

બગસરામાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા નંદલાલભાઈ બામટાની શ્રધ્ધાંજલિ સભા, સત્સંગ, ધૂન-કીર્તન તેમજ બ્રહ્મ ચોરાસીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. નંદલાલભાઈ બામટા જૂનાગઢ રાધારમણ દેવ મંદિર ટેમ્પલ બોર્ડ સમિતિના પૂર્વ ચેરમેન તેમજ સમસ્ત બ્રહ્મ સમાજના મંત્રી રહી સમાજ માટે કાર્ય કર્યુ




તસવીર : હાર્દિક બામટા

હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચાર માટે સૌરાષ્ટ્રના અનેક ગામોમાં પણ તેઓ જતા હતા. આ પ્રસંગે આચાર્ય અજેન્દ્રપ્રસાદ મહારાજ અને ભાવિ આચાર્ય નુગેન્દ્રપ્રસાદ મહારાજે ફોન દ્વારા શ્રધ્ધાંજલિ પાઠવી હતી. વિવિધ સંતો-મહંતો તથા સમાજના અગ્રણીઓ તથા બ્રહ્મ ચોરાસીના મુખ્ય દાતા નીલકંઠ જવેલર્સના કેતનભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત લોકોએ નંદલાલભાઈને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## મુસાફરોના જીવ બચાવના સ્મિત મચ્છરના સાહસને બાબરા ખોજા સમાજે બિરદાવ્યું

બાબરા,તા.૦૫

તાજેતરમાં વિમાનમાં સર્જાયેલી દુર્ઘટના દરમિયાન કેપ્ટન સ્મિત મુસાફરોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે કરાયેલી અદમ્ય હિંમત અને માનવતાભરી કામગીરીની ઈસ્માઈલી બાબરા ખોજા સમાજ દ્વારા હૃદયપૂર્વક સરાહના કરવામાં આવી છે. મુશ્કેલ પરિસ્થિતિમાં પોતાના જીવની પરવા કર્યા વગર મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપી સેવાભાવી વ્યક્તિઓએ નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી



તસવીર : દિપક કનૈયા

હતી. તેમની હિંમત, સાહસ અને સેવાભાવ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત હોવાનું જણાવાયું છે. રાષ્ટ્રનું ગૌરવ વધારનાર તમામ સેવાભાવી વ્યક્તિઓને સમાજના સભ્યો વતી હાર્દિક અભિનંદન પાઠવી તેમની અમૂલ્ય સેવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે તેમની ઉત્તમ તંદુરસ્તી, સુખાકારી અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી શુભકામનાઓ પાઠવાઈ છે.

## સુરતના યુવકે અમરેલીની હોટલમાં ઝેરી દવા ગટગટાવતા મોત નિપજ્યું

અમરેલી, તા. ૦૫

સુરતમાં રહેતા એક યુવકે અમરેલીની હોટલમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી, જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

બનાવ અંગે અમરેલીમાં રહેતા શશીકાંતભાઈ કાનજીભાઈ કોલડીયા (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, હાલ સુરત ખાતે રહેતા તેમના પુત્ર નિકુંજભાઈ શશીકાંતભાઈ કોલડીયા (ઉ.વ.૩૨) આર્થિક સંકડામણમાં હતા. જેથી તેમણે અમરેલીની દર્શન હોટલમાં પોતાની મેળે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડીઓ ગળી લીધી હતી. બાદમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાંથી ત્રણ જુગારી ઝડપાયા

સાવરકુંડલા,તા.૦૫

સાવરકુંડલામાંથી પોલીસે ત્રણ જુગારીઓને ઝડપીને રૂ. ૧૩,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શબીરભાઈ ગુલાબભાઈ રાઠોડ, મયુર ઉર્ફે મયલો જયંતીભાઈ મકવાણા તથા કરમશી મોહનભાઈ ઘડસીયા સામે નોંધાયેલી ફરિયાદ પ્રમાણે, આ ત્રણેય ઈસમો જાહેરમાં ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૪,૧૨૦ તથા રૂ. ૯,૫૦૦ની કિંમતના ૨ નંગ મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૧૩,૬૨૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**નામ બદલાવેલ છે**

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ ડોબરીયા સંજય મગનભાઈ હતું જે તેમાંથી બદલાવી નવું નામ ડોબરીયા સંજયભાઈ મગનભાઈ રાખેલ છે. હવેથી હું ડોબરીયા સંજયભાઈ મગનભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.
ડોબરીયા સંજયભાઈ મગનભાઈ
દેવળા ગેઈટ, વજલપરા, સાવરકુંડલા.
જી. અમરેલી-૩૬૪૫૧૫.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**-:: જાહેર નોટીસ ::-**

આથી અમો (૧) હેમલ જગદીશ કણસાગરા, રહે.૫૦, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રાજકોટ, (૨) જોનિકા ચિરાગભાઈ ધોરી, રહે.સી-૧, ૬૦૩, સુવર્ણ ભુમિ, સ્પીડવેલ ચોક, અંબિકા ટાઉનશીપ પાસે, રાજકોટ., વાળાએ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના વીરપુર ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૩૮૬ ના સીમ જમીન જેનો રે.સ.નં.૨૧૦, હે.આરે. ૧-૫૭-૮૩, જેના હાલના માલીક (૧) વિમળાબેન ભીખાભાઈ જોગાણી તથા (૨) રમેશભાઈ ભીખાભાઈ જોગાણીની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમો ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ કે સદરહુ જમીનના હાલના માલીક (૧) વિમળાબેન ભીખાભાઈ જોગાણી તથા (૨) રમેશભાઈ ભીખાભાઈ જોગાણી દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ કલીયર હોવાનુ જણાવે છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, કે પૈસાની લેતી-દેતી અંગેનો કરાર કે અન્ય સદરહુ જમીન સંબંધિત તમામ કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૦૭ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામા ઉપર રજીસ્ટર એ.ડી. પોસ્ટ મારફત અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો આ મિલકત સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેવુ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા નથી અને આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે પણ આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર રજુ કરશે અથવા ઉભા કરશે તો તેવા વાંધાઓ, તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
મુ.લાઠી, ઠે.સોમનાથ કોમ્પ્લેક્ષ, નગરપાલીકા કચેરીની સામે, સ્ટેશન રોડ, લાઠી, તા.લાઠી,
જી.અમરેલી., મો.નં.૯૪૨૬૨ ૬૬૨૨૫.

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(જોનિકા ચિરાગભાઈ ધોરી)
(હેમલ જગદીશ કણસાગરા)

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ લાઠીમાં જનક તળાવીયાના કાર્યાલયની મુલાકાત લીધી



લાઠી, તા.૦૫

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ લાઠી ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે લાઠી-બાબરા-દામનગર વિધાનસભા મતવિસ્તારના સંગઠનાત્મક કાર્યો, જનસંપર્ક અને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસકાર્યો અંગે પણ માહિતી મેળવવામાં આવી હતી. પ્રદેશ અધ્યક્ષે લોકો સાથે સતત સંપર્કમાં રહી તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો સમજવા તથા સરકારી યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચાડવા માર્ગદર્શન આપ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મતવિસ્તારમાં ચાલી રહેલા રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય અને પુલ સહિતના વિકાસકાર્યો અંગે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના ગજેરા કેમ્પસ દ્વારા ગાંધી જયંતિએ સ્વચ્છતા અને નશામુક્તિ અંગે જાગૃતિ રેલી યોજાઈ



અમરેલી,તા.૦૫

ગાંધી જયંતિ નિમિત્તે શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ- વિદ્યાસભા, અમરેલી દ્વારા પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અને નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમો તેમજ વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, નશાબંધી અધિકારી એસ.પી. જાડેજા અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ગેટથી શરૂ થયેલી આ રેલીમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જોડાઈ નગરજનોને સ્વચ્છતા અને નશામુક્તિનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ મોટા બસ સ્ટેન્ડ ખાતે સફાઈ અભિયાન ચલાવ્યું તેમજ દુકાનદારોને સ્વનિર્મિત ડસ્ટબિન વિતરણ કરી 'સ્વચ્છ અમરેલી-સ્વસ્થ અમરેલી'નો સંદેશો પાઠવ્યો હતો. સાથે જ લોકોને વ્યસનથી દૂર રહેવા જાગૃત કર્યા હતા.

# બગસરાના પીઠડીયા ગામે ૭૨ કલાકની અખંડ અષ્ટાક્ષર મંત્ર ધૂન યોજાઈ



બગસરા,તા.૦૫

બગસરા તાલુકાના પીઠડીયા ગામે અખંડ અષ્ટાક્ષર મંત્ર ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સળંગ ૭૨ કલાક ચાલેલી ધૂનમાં પીઠડીયા સહિત આસપાસના ૨૪ ગામોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવજનો જોડાયા હતા. અમરેલીથી પૂજ્ય દ્વારકેશ બાવા અને પૂજ્ય રાજુબાબાએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. સ્થાનિક આગેવાનો રમેશભાઈ પટોળીયા, હસમુખભાઈ બોઘરા, ભરતભાઈ બોઘરા સહિત કાર્યકરોએ આયોજનમાં જહેમત ઉઠાવી હતી. ભક્તો માટે બેઠક વ્યવસ્થા અને મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું.

# લીલીયા, રાજુલા, જાફરાબાદ અને ખાંભાની સહકારી મંડળીઓના મંત્રીઓને સોફ્ટવેર તાલીમ અપાઈ



અમરેલી,તા.૦૫

સહકારી ક્ષેત્રમાં ડિજિટલાઈઝેશનને વેગ આપવા અને કાર્યક્ષમતા વધારવાના ઉદ્દેશ્ય સાથે, અમરેલી જિલ્લામાં એક વિશિષ્ટ ERP સોફ્ટવેર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શનમાં જિલ્લા સહકારી સંઘ અને રાજ્ય સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ હતું. તાલીમ સત્ર ખાસ કરીને લીલીયા, રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની સેવા સહકારી મંડળીઓના મંત્રીઓ માટે યોજાયેલ હતો. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સોસાયટી કામગીરીના પારદર્શક, સચોટ અને સીમલેસ સંચાલનને સુનિશ્ચિત કરવા માટે ગ્રાઉન્ડ-લેવલના વહીવટકર્તાઓને આધુનિક ડિજિટલ સાધનોથી સજ્જ કરવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી નગરશિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોષી, જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાર્ગવ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ તાલિમમાં નિષ્ણાત તરીકે રાજ્ય સહકારી સંઘના રવિકિરણ મુંધવા અને સી.ઈ.આઈ સાગર મહેતાએ ERP સોફ્ટવેરની માહિતી આપી હતી.

# મોટા દેવળીયા ગામે દારૂની બાતમી પોલીસને આપતા હોવાના મનદુ:ખમાં યુવક પર હુમલો

બાબરા, તા. ૦૫

બાબરાના મોટા દેવળીયા ગામે દારૂની બાતમી પોલીસને આપતા હોવાના મનદુ:ખમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો.આ અંગે કરણભાઈ નવનીતભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨) એ વિશ્વજીત વાળા તથા હર્ષદીપ બસીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, વિશ્વજીત વાળાને ત્યાં પોલીસે રેઈડ કરી તેનો ઈંગ્લિશ દારૂ પકડયો હતો. જે દારૂની બાતમી પોલીસને તેમણે આપેલી છે તેવું માની, આ બાબતનું મનદુ:ખ રાખી વિશ્વજીત વાળાએ લોખંડના પાઈપ વડે તથા હર્ષદીપ બસીયાએ લાકડી વડે શરીરે આડેધડ માર મારી મૂંઢ ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. આર. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના પીપાવાવ ધામ ગામે મહિલાને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી

**ઢીકાપાટુનો મૂંઢ માર પણ માર્યો**

રાજુલા, તા. ૦૫

રાજુલાના પીપાવાવ ધામ ગામે મહિલાને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઉપરાંત ઢીકાપાટુનો મૂંઢ માર પણ માર્યો હતો. બનાવ અંગે જાગૃતિબેન રાજુભાઈ બાંભણીયા (ઉ.વ. ૩૭) એ બાબભાઈ બેચરભાઈ બાંભણીયા, બાબભાઈના પત્ની, રાહુલભાઈ રાજુભાઈ સાંખટ તથા લાલજીભાઈ બેચરભાઈ બાંભણીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બાબભાઈ બાંભણીયાએ પોતાના મકાન પર બીજો માળ બનાવ્યો હતો અને તેની બારી તેમના ઘર તરફ રાખી હતી, જેનો તેમણે અગાઉ ઠપકો આપ્યો હતો. જેની દાઝ રાખી તેઓ પોતાના ઘર બહાર શેરીમાં હતા તે દરમિયાન આરોપીઓ આવીને તેમને જેમ ફાવે તેમ ભૂંડાબોલી ગાળો દેવા લાગ્યા હતા. તેમણે ગાળો બોલવાની ના પાડતાં બાબભાઈના પત્નીએ તેમને પકડી રાખી જમણા હાથની આંગળી મરડી હતી, તેમજ લોખંડના પાઈપ વડે જમણા પગના સાથળના ભાગે બે ઘા મારી મૂંઢ ઈજા કરીને જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો. જતાં જતાં "તારા ટાંટિયા ભાંગી નાખવા છે" તેવી ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# આ મોટર બોરમાં ઉતારવાની નથી કહી ગાળો બોલી ઢીકાપાટુ માર્યા હતા

**વડિયાના બરવાળા બાવીશી ગામની ઘટના**

વડિયા, તા. ૦૫

વડિયાના બરવાળા બાવીશી ગામે "આ મોટર બોરમાં ઉતારવાની નથી" તેમ કહી ગાળો બોલી ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે હીરેનભાઈ અર્જુનભાઈ ભુવા (ઉ.વ.૪૦) એ નરેશભાઈ ગોવિંદભાઈ ભુવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમની વાડીએ બોરમાં મોટરનું ટેસ્ટિંગ કરાવતા હતા, તે વખતે આરોપી હાથમાં કુહાડી લઈને આવ્યો હતો અને "આ મોટર બોરમાં ઉતારવાની નથી" તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ ડાબા પગના અંગૂઠા પાસે કુહાડીનો એક ઘા મારીને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટામાં વાર્ષિક સામાન્ય સભામાં શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન



લીલીયા, તા.૦૫

લીલીયા મોટાની ગ્રામીણ લક્ષ્મી ક્રેડિટ બેંકની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ પ્રસંગે બવાડી પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર વરૂણભાઈ દવેનું બેંકના ચેરમેન હિતેશભાઈ કારિયા, નિલેશભાઈ મહેતા, નિતીનભાઈ ત્રિવેદી અને ભીખુભાઈ ભટ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. સભામાં બેંકની કામગીરી અને સભ્યોને લગતી બાબતો તેમજ આગામી વિકાસના કામો અંગે ચર્ચા કરાઈ હતી. કાર્યક્રમમાં બેંકના સભ્યો, આગેવાનો અને અન્ય લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમ શાંતિપુર્ણ રીતે સંપન્ન થયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૦૬-૧૦-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૧૬,
સૂર્યાસ્ત-૦૬:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૦૬-૧૦-૨૦૨૬ મંગળવાર

મેષ: કામના સ્થળે સાનૂકુળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પરંતુ આજે વ્યવહાર પર ખાસ ધ્યાન આપજો, કોઇને સાથે અણબનાવ બનવાની આશંકા છે.

વૃષભ: આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું.

મિથુન: આજે ટીમવર્કમાં કામ કરવું જોઇએ, જેથી સારા પરિણામ મળશે. વાતચીત દરમિયાન નવો આઇડિયા આવી શકે છે. મિત્ર માટે પ્રેઝન્ટ ખરીદતી વખતે ખર્ચ પર ધ્યાન આપવું.

કર્ક: આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. સાંજ સુધી આ રાશિના લોકોને સારા સમાચાર મળી શકે છે. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યો છો તો દિવસ શ્રેષ્ઠ છે.

સિંહ: આજનો દિવસ મંગળમય રહેશે. શુભ દિવસનો લાભ ઉઠાવવો જોઇએ. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું.

કન્યા:વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતની કામ કરતા રહેજો.

તુલા: આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન પહોંચી શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે, પરંતુ જોખમવાળા કામમાં ધ્યાન આપવું જરૂરી છે. પરિવારમાં વિરોધીઓ છે તો આજે સાચવીને રહેવું.

ધન: આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, વ્યસ્ત રહેશો. બુદ્ધિ અને સમજશક્તિથી કરેલા કામથી આજે લાભ થશે. જૂની અડચણનો અંત આવી શકે છે.

મકર: આજે તમારો દિવસ સારો વિતશે. ગુસ્સો આવી શકે છે, તો દિવસ દરમિયાન વાણી પર અંકુશ રાખવો જરૂરી છે, નહીં તો પરિવારમાં વિવાદ વધશે.

કુંભ: આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. બપોર સુધી આકરી મહેનત કરવી પડશે. સાંજ સુધી લાભની તકો મળશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.

મીન: આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગાંધી અને શાસ્ત્રી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજાયું



અમરેલી,તા.૦૫

શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે કાર્યરત વિદ્યાર્થી ભુવન ખાતે મહાત્મા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલી વિશેષ પ્રાર્થનાસભામાં સર્વધર્મ પ્રાર્થના, ગાંધી વંદના અને 'વૈષ્ણવજન' જેવા પ્રેરક ગીતો રજૂ કરાયા હતા. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન વઘાસિયાએ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જીવનમાં સ્વચ્છતાના મૂલ્યો અપનાવવા પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉજવણી અંતર્ગત શાળામાં ગાંધી જ્ઞાન કસોટી, અનુલેખન અને વકૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. આ ઉપરાંત શ્રમદાન થકી શાળા પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને સંચાલક દંપતી દીપક ગુરુજી તથા વિલાસ દીદીએ ઉત્સાહભેર સહભાગી થઈને આ આયોજનને સફળ બનાવ્યું હતું.

# પિયાવા આયુષ્માન આરોગ્ય મંદિરે આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસની ઉજવણી



અમરેલી,તા.૦૫

સા.કુંડલાના પિયાવા ખાતે આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના વરિષ્ઠ નાગરિકો માટે મફત આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો અને આરોગ્ય જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃતભાઈ ચૌહાણે વૃધ્ધાવસ્થામાં થતા શારીરિક ફેરફારો તથા માનસિક સ્વાસ્થ્ય અંગે સરળ રીતે સમજણ આપી હતી. તેમણે વૃધ્ધાવસ્થામાં સ્વસ્થ અને તણાવમુક્ત રહેવા માટે રોજિંદા જીવનમાં યોગ અને ધ્યાનનું મહત્વ સમજાવ્યું હતું. ગ્રામજનોએ આ આરોગ્યલક્ષી કાર્યક્રમને બિરદાવ્યો હતો.

## અવસાન નોંધ

**લાઠી**

સ્વ જયસુખભાઈ મગનભાઈ ખેર તા.૪/૧૦/૨૦૨૬ના રોજ અવસાન પામેલ છે (ઉં.વર્ષ ૭૧) તે પંકજભાઈ તેમજ દીપકભાઈના પિતાશ્રી થાય તે જયંતીભાઈ ખેર, રમેશભાઈ ખેર, જગદીશભાઈ ખેરના ભાઈ તથા ભાસ્કરભાઈ ખેર, અશોકભાઈ ખેરના મોટા ભાઈ થાય તથા ચેતનભાઈ ખેરના મોટાબાપુ થાય તે કલ્પેશભાઈ ખેરના કાકા થાય તેમનું બેસણું તારીખ ૮/૧૦/૨૦૨૬ના રોજ ગુરુવારે સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી અમારા નિવાસ સ્થાને લાઠી મુકામે ખાકચોક રામજી મંદિર પાસે લાઠી રાખેલ છે.

# ભાડા ગામના યુવક સામે સગીરાને બદકામના ઈરાદે ભગાડી જવાની ફરિયાદ

જાફરાબાદ, તા.૦૫

જાફરાબાદના ભાડા ગામના યુવક સામે સગીરાને બદકામના ઈરાદે ભગાડી જવાની ફરિયાદ નોંધાઈ હતી. સગીરાની માતાએ ભાડા ગામના સાગરભાઈ સાર્દુળભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર દીકરીને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ. પલાસ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જુના મનદુ:ખમાં જાફરાબાદના મીઠાપુર ગામે મહિલાને ગાળો આપતા બે શખ્સો સામે ફરિયાદ

**'બીજીવાર શિખામણ આપવા જઈશ તો હવે બંને જણાને પતાવી દઈશું' તેમ પણ કહ્યું**

જાફરાબાદ, તા. ૦૫

જાફરાબાદના મીઠાપુર ગામે મહિલાના મોઢા આડો હાથ રાખી "રાડો કે દેકારો ન કર" કહી ગાળો આપી હતી. ઉપરાંત બીજીવાર શિખામણ આપવા જઈશ તો હવે બંને જણાને પતાવી દઈશું તેમ પણ કહ્યું હતું. આ અંગે ફૂલીબેન છનાભાઈ મકવાણા (ઉ.વ.૫૫) એ અશોકભાઈ સુખાભાઈ મકવાણા તથા દીપકભાઈ ચીથરભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આરોપી અશોકભાઈની પત્નીને એકાદ મહિના પહેલા અશોકને સુધારવા બાબતે ઠપકો આપ્યો હતો. જેની દાઝ રાખીને આરોપીઓ, તેઓ અને તેમના પતિ બંને જણા ઓસરીમાં સૂતા હતા ત્યારે તેમના ઘરમાં પ્રવેશ કરીને લાકડાના ધોકાથી માર મારવા લાગ્યા હતા. જેથી તેઓ રાડો પાડવા જતાં અશોકભાઈ મકવાણાએ તેઓ રાડો કે દેકારો ન કરે તે માટે તેમના મોઢા આડો હાથ રાખ્યો હતો. તેમને લાકડાના સાતથી આઠેક ઘા આડેધડ મારીને પગમાં સાથળના ભાગે તથા ઘૂંટણના ભાગે અને ડાબા પગની ઘૂંટીના ભાગે ધોકાથી માર માર્યો હતો. તેમના પતિ જાગી જતાં બંને આરોપીઓએ તેમને અને તેમના પતિને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત 'હવે બીજીવાર શિખામણ આપવા જઈશ તો હવે બંને જણાને પતાવી દઈશું' તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# ડોનાલ્ડ ટ્રમ્પની ઘટતી લોકપ્રિયતા

ટ્રમ્પ વિરુધ્ધ ચાલી રહેલી કાનૂની કાર્યવાહી આજે મોટા વર્ગના મતદારો માટે ચિંતાનો વિષય બની ગઈ છે. ગંભીર આરોપો, અદાલતી કેસો અને સતત ચાલતી તપાસને કારણે રાજકીય ચર્ચા વિકાસના મુદ્દાઓને બદલે અદાલતના સમાચારોની આસપાસ જ ફરતી રહે છે. ટ્રમ્પના કટ્ટર સમર્થકો આ તમામ કાર્યવાહીને રાજકીય બદલાની ભાવના અને વિરોધીઓના ષડયંત્ર તરીકે જુએ છે. પરંતુ સ્વતંત્ર અને મધ્યમમાર્ગી મતદારો માટે આ દલીલ એટલી સરળ નથી. મોટાભાગના મતદારો પોતાના નેતામાં સ્થિરતા, વિશ્વસનીયતા અને કાયદા પ્રત્યે આદર જોવા માંગે છે. જ્યારે કોઈ નેતા સતત વિવાદો અને તપાસના કેન્દ્રમાં રહે, ત્યારે લોકોમાં રાજકીય થાક પેદા થાય છે. ખાસ કરીને એવા મતદારો કે જેઓ પહેલેથી જ ટ્રમ્પના વ્યક્તિત્વને લઈને અવઢવમાં હોય, તેમના અંતિમ નિર્ણયમાં આ કાનૂની વિવાદો મહત્વની ભૂમિકા ભજવી શકે છે. અમેરિકાની આર્થિક પરિસ્થિતિ સૌથી મોટો પડકાર બન્યો છે. અમેરિકન ચૂંટણીઓમાં હંમેશા અર્થતંત્ર નિર્ણાયક રહ્યું છે, અને ટ્રમ્પ માટે પણ તે અપવાદ નથી. તેમણે હંમેશા રોજગારી, સ્થાનિક ઉદ્યોગો અને રાષ્ટ્રીય ગૌરવને આગળ રાખીને આર્થિક વાતો કરી છે. પરંતુ હાલમાં આ મોરચે તેમની સ્થિતિ નબળી પડતી દેખાય છે. તાજેતરના એક મોટા સર્વેક્ષણમાં જીવનખર્ચને લઈને તેમની કામગીરીને માત્ર ૧૭ ટકા પુખ્ત નાગરિકોએ મંજૂરી આપી હતી, જ્યારે સમગ્ર અર્થતંત્ર અંગે મંજૂરીનો દર ૨૬ ટકા જ રહ્યો હતો. આ અસંતોષનું મૂળ સામાન્ય પરિવારના રોજિંદા અનુભવમાં છે. મોંઘવારી, પેટ્રોલના વધતા ભાવ, ઘરભાડું, આરોગ્ય ખર્ચ અને કરિયાણાનું બિલ દરેક પરિવારના બજેટ પર સીધી અસર કરે છે. મતદાર ઘણીવાર જટિલ આર્થિક નીતિઓને બદલે પોતાના ખિસ્સા પર પડતી અસરથી સરકારને માપે છે. જો પરિવારને એવું લાગે કે આવક કરતાં ખર્ચ ઝડપથી વધી રહ્યો છે, તો તેનો ગુસ્સો સત્તા પર રહેલા નેતા પર જ ઊતરે છે. ટેરિફ અને વેપાર નીતિઓ પણ આ ચર્ચાનો ભાગ છે. સમર્થકો માટે ટેરિફ એટલે અમેરિકાના હિતમાં લેવાયેલું કડક પગલું, જ્યારે વિવેચકો માને છે કે આખરે તેનો બોજ અમેરિકન ગ્રાહકો અને નાના વેપારીઓ પર જ પડે છે. જો આ આર્થિક અસંતોષ યથાવત્ રહેશે, તો તે ટ્રમ્પ માટે સૌથી મોટો ચૂંટણી પડકાર સાબિત થશે. ડોનાલ્ડ ટ્રમ્પની બોલવાની શૈલી ની કઠોરતા કોઈને પસંદ નથી. દેશ વિદેશમાં અને ઘર આંગણે પણ તેની લોકપ્રિયતા ઘટવામાં સૌથી મોટું કારણ છે. બીજી બાજુ ટ્રમ્પની ભાષા તેમના સમર્થકોને સીધી, નિર્ભય અને દંભ વગરની લાગે છે. તેઓ પરંપરાગત રાજકારણીઓની જેમ ગોળ ગોળ વાત કરવાને બદલે મુદ્દા પર સીધો પ્રહાર કરે છે, જેના કારણે તેમના પાયાના સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. પરંતુ આ જ શૈલી તેમની સૌથી મોટી નબળાઈ પણ બની રહી છે. વિરોધીઓ પર અંગત ટિપ્પણીઓ, અપમાનજનક શબ્દો અને સતત વિવાદાસ્પદ નિવેદનોને કારણે મધ્યમમાર્ગી અને સ્વતંત્ર મતદારો દૂર જઈ રહ્યા છે. આ વર્ગને એવું લાગી રહ્યું છે કે આવી ભાષા દેશને જોડવાને બદલે વધુ વિભાજિત કરી રહી છે. અમેરિકી ચૂંટણીમાં જીત માટે માત્ર પોતાના પક્ષના મતો પૂરતા નથી, સ્વતંત્ર મતદારોનો સાથ અનિવાર્ય હોય છે. તેથી ટ્રમ્પ માટે પોતાના મૂળ સમર્થકોને સાચવવાની સાથે સાથે મધ્યમવર્ગનો વિશ્વાસ જીતવો એ સૌથી અઘરી કસોટી છે. યુવા, શહેરી અને ઈમિગ્રેશનનો મુદ્દો આજે સૌથી વધુ મહત્વનો બની ગયો છે. યુવા મતદારોની પ્રાથમિકતાઓ ઝડપથી બદલાઈ રહી છે.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં ડિજિટલ સુરક્ષા સામે ઊભા થયેલા નવા પડકારો



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજના આધુનિક અને ટેકનોલોજી આધારિત યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ ટેકનોલોજીએ વિજ્ઞાન, ઉદ્યોગ અને માનવ જીવનના તમામ ક્ષેત્રોમાં એક અભૂતપૂર્વ ક્રાંતિ સર્જી છે. જે કાર્ય પૂર્ણ કરવામાં અગાઉ કલાકો કે દિવસોનો સમય જતો હતો તે તમામ કાર્યો આજે એઆઈની મદદથી માત્ર ક્ષણોમાં પૂરા થઈ રહ્યા છે. પરંતુ આ જ ટેકનોલોજી જ્યારે સાયબર અપરાધીઓ અને હુમલાખોરોના હાથમાં પહોંચે છે ત્યારે તે ડિજિટલ સુરક્ષા સામે અત્યંત ગંભીર અને વિનાશક જોખમો ઊભા કરે છે. ભૂતકાળમાં સાયબર હુમલાખોરોને કોઈ પણ સરકારી કે ખાનગી કંપનીની સિસ્ટમમાં ઘૂસણખોરી કરવા, તેની સુરક્ષા ખામીઓ કે નબળાઈઓ શોધવામાં દિવસો કે સપ્તાહો સુધી જટિલ કોડિંગ અને કોમ્પ્યુટિંગ પ્રક્રિયાઓ કરવી પડતી હતી. પરંતુ હવે એઆઈની તીવ્ર કાર્યક્ષમતાને કારણે આ તમામ પ્રક્રિયાઓ અત્યંત ઝડપી અને ચોક્કસ બની ગઈ છે, જેના કારણે સાયબર ક્ષેત્રે સુરક્ષા ટીમોને પ્રતિભાવ આપવાનો કે ખામીઓ સુધારવાનો પૂરતો સમય પણ મળતો નથી. માઈક્રોસોફ્ટના ડિજિટલ ડિફેન્સ રિપોર્ટ ૨૦૨૬ના તાજેતરના આંકડાઓ અનુસાર, સાયબર હુમલાઓથી સૌથી વધુ પ્રભાવિત થનારા વિશ્વના ટોચના સાત દેશોમાં ભારત સ્થાન ધરાવે છે. વૈશ્વિક સ્તરે ટ્રેક કરવામાં આવેલી કુલ સાયબર ધમકીઓમાં ભારતનો હિસ્સો અઢી ટકા જેટલો નોંધાયો છે, જે દર્શાવે છે કે આપણી ઝડપથી ડિજિટલ બની રહેલી સિસ્ટમો હવે વૈશ્વિક હેકર્સના મુખ્ય લક્ષ્ય પર છે. આ જ રિપોર્ટમાં એક અત્યંત ચિંતાજનક બાબત સામે આવી છે કે છેલ્લા એક જ વર્ષની અંદર સંરક્ષણ ક્ષેત્ર અને મહત્વપૂર્ણ સરકારી વિભાગો પર કરવામાં આવતા રેન્સમવેર હુમલાઓમાં પાંચ ગણો મોટો વધારો થયો છે. દેશના સંવેદનશીલ ડેટા અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલી સિસ્ટમો પરના આ હુમલાઓ દર્શાવે છે કે સાયબર હુમલાખોરો હવે માત્ર આર્થિક લાભ ખાતર જ નહીં પરંતુ વ્યૂહાત્મક રીતે દેશના સાર્વભૌમત્વ અને સુરક્ષા માળખાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કામ કરી રહ્યા છે. વર્તમાન સમયમાં ડિજિટલ હુમલાખોરો સામાન્ય નાગરિકોથી લઈને મોટા ઉદ્યોગો અને સરકારી સ્ટાફને છેતરવા માટે અત્યંત ચતુર અને નવીન પધ્ધતિઓ અપનાવી રહ્યા છે. આ પધ્ધતિઓમાં ક્યુઆર કોડ ફિશિંગ અથવા ક્વિશિંગ એક અતિ ભયજનક સાધન બનીને ઊભરી આવ્યું છે. રોજિંદા વ્યવહારમાં ઈમેઈલ અથવા પીડીએફ દસ્તાવેજોમાં ક્યુઆર કોડ મોકલવામાં આવે છે અને વપરાશકર્તા તેને સ્કેન કરે કે તુરંત જ તેની અંગત માહિતી કે સિસ્ટમનો કંટ્રોલ હુમલાખોરોના હાથમાં જતો રહે છે. એક જ વર્ષમાં માઈક્રોસોફ્ટે ૧૪૫ મિલિયનથી વધુ ક્યુઆર ફિશિંગના હુમલાઓ શોધી કાઢ્યા હતા, જે આ પદ્ધતિની ભયાનકતા દર્શાવે છે. આ ઉપરાંત, ઓનલાઈન બ્રાઉઝિંગ કે શોપિંગ દરમિયાન વપરાશકર્તાઓની સામે 'હું રોબોટ નથી' જેવા નકલી કેપ્ચા અથવા નકલી સિસ્ટમ અપડેટ અને ભૂલના પોપ-અપ બોક્સ દર્શાવીને યુઝર્સ પાસે પોતાની મેળે જ કમાન્ડ કોપી-પેસ્ટ કરાવી સિસ્ટમ હેક કરાવવ ામાં આવે છે. આવી નકલી કેપ્ચા પ્રવૃત્તિઓ ૧.૧ મિલિયનથી વધુ ઉપકરણો પર મળી આવી છે અને આ પ્રકારના હુમલા આઠ ગણા વધ્યા છે. માત્ર તકનીકી નબળાઈઓ જ નહીં પણ માનવ માનસશાસ્ત્રનો ઉપયોગ કરીને કરવામાં આવતા છેતરપિંડીના બનાવો પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. હુમલાખોરો હવે માત્ર બેંક કે કોઈ અજાણ્યા સંસ્થાનો ઢોંગ કરવાને બદલે કર્મચારીના પોતાના જ બોસ, કંપનીના એચઆર વિભાગ, પેરોલ ટીમ, સપ્લાયર કે બિઝનેસ પાર્ટનર હોવાનો ઢોંગ કરે છે. નોંધાયેલા ફિશિંગ ઈમેઈલ્સમાંથી ૮૫ ટકાથી વધુ ઈમેઈલ્સ કોઈ વિશિષ્ટ વ્યક્તિ કે અધિકારીની ઓળખની નકલ કરીને મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત, માઈક્રોસોફ્ટ ટીમ્સ જેવા કોર્પોરેટ કોમ્યુનિકેશન પ્લેટફોર્મ પર આઈટી સપોર્ટ સ્ટાફ તરીકે પોતાની ઓળખ આપીને કરવામાં આવતી છેતરપિંડી અને વોઈસ ફિશિંગના કિસ્સાઓમાં એક જ વર્ષમાં ૫૦૨ ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી વધુ ચોંકાવનારું પાસું એઆઈનું સ્વતંત્ર રીતે અને માનવીય વિવેક વગર કામ કરવાનું છે. ડિજિટલ ઈતિહાસમાં પહેલીવાર એવું જોવા મળ્યું છે કે એઆઈ એજન્ટોએ ભેગા મળીને માનવીય સહાય વગર જ સંસ્થાના નેટવર્ક પર ૩૨-પગલાંનો જટિલ સાયબર હુમલો સફળતાપૂર્વક યોજ્યો અને અમલમાં મૂક્યો, જેનાથી આખા સર્વર અને એકાઉન્ટ્સ પર કંટ્રોલ મેળવાયો હતો. આ જ ક્રમમાં જુલાઈ ૨૦૨૬ માં 'ઝેડપફર' નામનું પ્રથમ સંપૂર્ણ સ્વચાલિત રેન્સમવેર સામે આવ્યું. આ બતાવે છે કે એઆઈ હવે સાયબર અપરાધીઓને માત્ર મદદ નથી કરી રહ્યું પરંતુ તે જાતે જ આખી રેન્સમવેર પ્રક્રિયા સફળતાપૂર્વક ચલાવવા સક્ષમ બની ગયું છે. સોફ્ટવેરની ખામીઓ જાહેર થયા બાદ તેના પર હુમલો કરવાનો સમય હવે ચોવીસ કલાકથી પણ ઓછો થઈ ગયો છે. આવનારા બે વર્ષમાં વિશ્વભરની કંપનીઓમાં ૧.૩ અબજથી વધુ એઆઈ એજન્ટો ડિજિટલ વર્કફોર્સ તરીકે ઈમેઈલ, કેલેન્ડરિંગ અને સિસ્ટમ અપડેટ જેવા મહત્વપૂર્ણ કાર્યો સંભાળશે. જો કોઈ એક એઆઈ એજન્ટ પણ હેકર્સનો ભોગ બનશે તો તેની સાથે જોડાયેલો તમામ સંસ્થાકીય ડેટા જોખમમાં મુકાશે. તેથી, વર્તમાન સમયમાં માત્ર પરંપરાગત સુરક્ષા સાધનો પર નિર્ભર રહેવાને બદલે અદ્યતન એઆઈ સિક્યુરિટી અને વ્યાપક સાયબર સાક્ષરતા જ એકમાત્ર સુરક્ષા કવચ સાબિત થઈ શકે છે.

**ટેક્નોલોજી જ્યારે સાયબર અપરાધીઓ અને હુમલાખોરોના હાથમાં પહોંચે છે ત્યારે તે ડિજિટલ સુરક્ષા સામે અત્યંત ગંભીર અને વિનાશક જોખમો ઊભા કરે છે. ભૂતકાળમાં સાયબર હુમલાખોરોને કોઈ પણ સરકારી કે ખાનગી કંપનીની સિસ્ટમમાં ઘૂસણખોરી કરવા, તેની સુરક્ષા ખામીઓ કે નબળાઈઓ શોધવામાં દિવસો કે સપ્તાહો સુધી જટિલ કોડિંગ અને કોમ્પ્યુટિંગ પ્રક્રિયાઓ કરવી પડતી હતી. પરંતુ હવે એઆઈની તીવ્ર કાર્યક્ષમતાને કારણે આ તમામ પ્રક્રિયાઓ અત્યંત ઝડપી અને ચોક્કસ બની ગઈ છે**

## શબ્દ સંજોગ-૨૨૭૫



**આડી ચાવી :**
(૧) અંબીકાનો પુત્ર : ધૃતરાષ્ટ્ર (૪)
(૪) ઘટ્ટ, ઘાડું (૨)
(૭) સરખામણી (૩)
(૯) મુખ્ય ઓરડાની બાજુનો ખુડ (૩)
(૧૧) દાવાનળ (૨)
(૧૩) શરીરના અવયવ, સાંધા (૩)
(૧૫) જોવું તે, દષ્ટિ (૩)
(૧૭) પ્રપંચ, કાવતરૂં (૪)
(૨૦) અંધારીયાનો છેલ્લો દિવસ (૩)
(૨૨) પત્નીની બહેન (૨)
(૨૩) બીજુ ભીન્ન (૩)
(૨૫) ચાર શેરનું માપ (૨)
(૨૬) પુરૂં, ચુકતે (૨)
(૨૭) જોખો (૩)
(૨૮) શક, સંદેહ (૩)
(૨૯) મર્મ, ભેદ (૨)
(૩૦) પાસેનું, પડખાનું (૨)
(૩૧) રોગોના જંતુઓની બનેલી દવા (૨)
(૩૨) સહેજ ઈશારો કે સૂચના (૩)

**ઉભી ચાવી :**
(૧) વાલિ અને તારાનો પુત્ર (૩)
(૨) ધજા, નિશાન (૨)
(૩) સંજય દત્તની એક ફિલ્મ(૪)
(૫) ઢગલો, ગંજ (૨)
(૬) મહાનાશ-જુલમ (૨)
(૮) જ્ઞાતિ, જાત (૨)
(૧૦) ખરચ, ઉધારેલી રકમ (૩)
(૧૨) શ્રી કૃષ્ણ (૪)
(૧૪) લીન, આસક્ત (૨)
(૧૬) કીર્તી (૨)
(૧૮) આસક્તિ, અનુરાગ (૨)
(૧૯) ટપાલવાળો (૩)
(૨૦) અપ્રામાણીક્તા (૫)
(૨૧) પડ, થર (૨)
(૨૩) અભિનયની છટા (૨)
(૨૪) તડામાર, ઝંડી (૪)
(૨૫) આરપાર (૪)
(૨૬) મરે નહીં એવું (૩)

## શબ્દ સંજોગ-૨૨૭૪ જવાબ

**આડી ચાવી:** (૧) અંબીકા (૩) રાઈફલ (૬) લવિંગ (૮) લક્ષઘા (૧૦) ન્યાય (૧૨) પાક (૧૩) સજન (૧૫) ભાવ (૧૬) મણા (૧૭) નજર (૧૮) નહેર (૨૨) રજાઈ (૨૪) ફાળકે (૨૬) રસ (૨૮) દવ (૨૯) મદનમોહન (૩૧) દાવ (૩૨) ભોગ.

**ઉભી ચાવી:** (૧) અંગન્યાસ (૨) કાલ (૩) રાગ (૪) ફલક (૫) લક્ષ (૭) વિંધ્ય (૯) ધારણા (૧૧) યજન (૧૨) પાવન (૧૪) નજરકેદ (૧૬) મરજાદ (૧૯) હેર (૨૦) ખફા (૨૧) સુરમો (૨૩) ઈવનિંગ (૨૫) ળમવ (વમળ) (૨૭) સહન (૩૦) નખી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૫૦ | ૧૮૬૬ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૧૦૩૦ | ૧૪૬૦ |
| બાજરી | ૪૦૦ | ૪૪૨ |
| તુવેર | ૧૪૫૦ | ૧૯૦૧ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ચણા સફેદ | ૧૫૯૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૯૪૫ |
| મગ | ૧૨૮૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૫૩૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૨૬ |
| કળથી | ૫૦૪ | ૮૨૫ |
| રાજમા | ૧૮૦૦ | ૨૦૪૬ |
| સીંગદાણા | ૧૪૭૦ | ૧૯૫૬ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૨૨૫ | ૧૫૮૮ |
| તલી | ૨૧૫૦ | ૨૮૨૯ |
| એરંડા | ૧૦૩૦ | ૧૪૬૪ |
| અજમો | ૧૬૦૫ | ૧૮૦૦ |
| સુવા | ૮૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૧૯૮ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૬૩૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૩૬ |
| લસણ | ૧૧૨૫ | ૨૪૫૦ |
| ધાણા | ૨૩૨૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૮૮૦ |
| વરીયાળી | ૧૪૮૦ | ૨૧૯૩ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૮૫ |
| રાય | ૧૪૦૦ | ૧૮૭૪ |
| મેથી | ૮૫૦ | ૧૮૭૦ |
| કલોંજી | ૩૬૦૦ | ૪૨૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૪૭૪ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૧૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૩૦૦ |

### રાજકોટ (શાકભાજી)

| શાકભાજી | ન્યુનતમ | મહત્તમ |
|---|---|---|
| લીંબુ | ૧૬૬૮ | ૩૬૭૮ |
| પપૈયા | ૧૫૮ | ૩૫૪ |
| બટેટા | ૯૩ | ૨૯૮ |
| ડુંગળી સુકી | ૩૧૫ | ૮૪૦ |
| ટમેટા | ૨૮૯ | ૬૦૩ |
| સુરણ | ૪૮૩ | ૬૭૮ |
| કોથમરી | ૩૩૧ | ૬૯૩ |
| મુળા | ૨૦૧ | ૩૯૪ |
| રીંગણા | ૨૪૯ | ૬૦૭ |
| કોબીજ | ૭૨ | ૧૨૮ |
| ફ્લાવર | ૨૪૪ | ૪૧૨ |
| ભીંડો | ૩૭૨ | ૮૨૧ |
| ગુવાર | ૬૦૩ | ૧૪૪૧ |
| ચોળાસીંગ | ૪૨૭ | ૭૪૯ |
| વાલોળ | ૫૦૧ | ૮૯૦ |
| ટીંડોળા | ૩૩૪ | ૭૨૮ |
| દુધી | ૭૫ | ૧૯૨ |
| કારેલા | ૩૬૯ | ૪૯૭ |
| સરગવો | ૮૧૨ | ૧૨૨૫ |
| તુરીયા | ૫૨૧ | ૭૪૩ |
| પરવર | ૩૬૮ | ૫૮૩ |
| કાકડી | ૨૩૧ | ૮૮૭ |
| ગાજર | ૨૧૮ | ૪૧૫ |
| વટાણા | ૧૬૨૫ | ૨૨૨૮ |
| તુવેરસીંગ | ૫૨૭ | ૭૪૫ |
| કંટોળા | ૧૮૨૭ | ૨૧૦૧ |
| ગલકા | ૩૦૯ | ૫૧૨ |
| બીટ | ૩૧૮ | ૫૦૭ |
| મેથી | ૯૧૮ | ૧૫૭૭ |
| વાલ | ૭૦૧ | ૯૨૨ |
| ડુંગળી લીલી | ૨૧૪ | ૪૧૦ |
| આદુ | ૧૨૨૬ | ૨૯૮૦ |
| મરચા લીલા | ૧૧૦ | ૪૧૩ |
| હળદર લીલી | ૬૦૭ | ૮૨૭ |
| લસણ લીલું | ૨૦૦૫ | ૨૪૯૦ |
| મગફળી લીલી | ૫૫૮ | ૭૯૦ |
| મકાઇ લીલી | ૧૪૩ | ૨૬૨ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૮૪ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૨૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૫૧૬ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૫૦૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૫૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૦૧૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૯૧૧ |
| અડદ | ૧૦૭૬ | ૧૮૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૯૨૧ |
| રાયડો | ૧૪૯૧ | ૧૪૯૧ |
| મેથી | ૧૨૩૧ | ૧૫૮૧ |
| સુરજમુખી | ૮૦૧ | ૮૦૧ |
| ગુવાર બી | ૧૧૯૧ | ૧૧૯૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૬૩૧ |
| ધાણી | ૨૪૫૧ | ૨૯૭૧ |
| બાજરો | ૩૯૧ | ૪૪૧ |
| જુવાર | ૧૧૨૬ | ૧૫૬૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૬૧ |
| મગ | ૧૨૫૧ | ૧૮૩૧ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૧૦૭૬ | ૧૮૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૪૧ |
| અજમાં | ૧૭૦૧ | ૧૭૧૦ |
| કળથી | ૩૦૦ | ૪૨૬ |
| ગોગળી | ૮૬૧ | ૧૩૧૧ |
| વટાણા | ૫૧૧ | ૯૧૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૯૬૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| અંબાળા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૧૬૦ | ૩૦૦ |
| ચુરણ | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૦ |
| પાલક પુરા | ૩ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૫૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૭૧૫ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૨૪૩૫ | ૨૪૯૦ |
| બાજરો | ૩૫૦ | ૪૫૫ |
| જુવાર | ૪૭૦ | ૧૪૧૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૯૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૫ |
| મગ | ૮૪૦ | ૧૫૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૮૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૪૭૦ |
| સફેદ ચણા | ૯૨૦ | ૧૨૫૦ |
| છોલે ચણા | ૧૪૭૦ | ૧૪૯૦ |
| ચોળી | ૧૩૫૦ | ૧૬૯૫ |
| તુવેર | ૮૦૦ | ૧૭૬૫ |
| કપાસ | ૧૧૩૦ | ૧૮૯૫ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૬૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૧૩૦ |
| ધાણી | ૨૫૦૦ | ૨૯૫૦ |
| મેથી | ૧૨૧૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૯૯૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૯૩૦૦ |
| કલોંજી | ૩૨૧૦ | ૩૨૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૩૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૬૫૦ |
| સુરણ | ૯૪૦ | ૧૦૪૦ |
| ગાજર | ૪૯૦ | ૫૯૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૧૪૦ | ૨૧૦ |
| કાકડી | ૨૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૩૦ | ૧૦૨૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| તુવેર લીલી | ૧૦૨૦ | ૧૨૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| આદુ | ૧૨૪૦ | ૧૩૬૦ |
| કોથમીર | ૫૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૦૦ |
| બીટ | ૫૫૦ | ૬૫૦ |
| શીંગ ઓળા | ૭૫૦ | ૮૫૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૬૧૦ | ૮૪૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકું | ૧૭૦૦ | ૨૨૮૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૮૩૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૭૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૩૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૬૦૦ |
| જીરૂ | ૩૭૩૭ | ૪૩૨૦ |
| કપાસ | ૧૭૫૦ | ૧૮૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૫૫ |
| બાજરો | ૩૭૦ | ૪૫૪ |
| જુવાર | ૮૫૦ | ૧૩૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૨૭૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૫૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૮૦ | ૧૮૬૩ |
| મગફળી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ઘઉં | ૫૨૫ | ૫૫૬ |
| ચણા | ૧૦૧૫ | ૧૨૨૫ |
| તુવેર | ૧૪૨૫ | ૧૪૨૫ |
| એરંડા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| કલોંજી | ૩૫૩૫ | ૩૫૩૫ |
| કાળા તલ | ૩૧૯૫ | ૩૧૯૫ |
| મેથી | ૧૧૧૦ | ૧૧૧૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૦૦ | ૧૮૬૦ |
| ઘઉં ટુકડા | ૫૩૮ | ૫૪૨ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૭ |
| અડદ | ૧૨૯૦ | ૧૪૦૦ |
| મગફળી | ૧૦૪૦ | ૧૨૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૩૫૫ | ૨૩૫૫ |
| ધાણા | ૨૨૯૦ | ૨૨૯૦ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૦૮૦ |
| એરંડી | ૧૦૧૧ | ૧૨૩૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૨૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૧૬ |
| મકાઈ | ૪૭૦ | ૪૭૦ |
| લશણ | ૬૭૬ | ૧૧૬૫ |
| ચણા સફેદ | ૧૨૨૦ | ૧૨૫૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૪૦ | ૧૯૫૦ |
| કપાસ મીડીયમ | ૧૪૧૦ | ૧૬૮૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૩૨ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૨૭૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૩૧૦ |
| ઘઉં | ૪૫૫ | ૫૮૦ |
| મગ | ૧૬૬૦ | ૧૯૬૫ |
| અડદ | ૧૪૨૦ | ૧૭૨૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૭૧ |
| ઘઉં | ૪૭૧ | ૫૫૩ |
| જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| મગ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ચણા | ૯૦૧ | ૧૩૮૬ |
| અડદ | ૮૫૧ | ૧૭૨૬ |
| તુવેર | ૯૫૧ | ૧૭૩૧ |
| મગફળી | ૭૦૦ | ૧૩૪૬ |
| શીંગફાડા | ૧૩૫૧ | ૧૬૦૫ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૫૦૧ |
| મેથી | ૮૯૬ | ૮૯૬ |
| ધાણા | ૨૦૦૧ | ૨૭૧૧ |
| લસણ | ૯૦૧ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૬૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનારી | ૧૦૮૬ | ૧૪૦૦ |
| શીંગ ૬૬ | ૧૫૦૦ | ૨૧૨૫ |
| શીંગ ૩૯ | ૧૦૦૦ | ૧૪૪૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૬૨ | ૧૫૧૧ |
| જુવાર | ૫૦૦ | ૧૧૪૦ |
| બાજરી | ૪૦૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૬૩૬ |
| મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| મગ | ૧૩૫૦ | ૨૦૦૧ |
| મેથી | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૩૫ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૨૫૮૧ | ૨૫૮૧ |
| તલ કાળા | ૨૯૮૨ | ૩૩૮૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |
| ડુંગળી લાલ | ૮૮ | ૭૭૮ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૪૮૮ |
| કપાસ શંકર | ૧૩૫૦ | ૧૮૧૮ |
| નાળીયેર | ૬૮૫ | ૩૦૭૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી નવી | ૧૦૮૧ | ૧૫૦૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૭૪ |
| ઘઉં | ૪૮૦ | ૫૯૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૯૮૨ |
| મગ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૯૯ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૨૬ |
| તલ કાળા | ૨૦૫૦ | ૩૬૪૮ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ડાંગર | ૧૦૦૦ | ૧૧૪૦ |
| રજકો | ૭૦૦૦ | ૯૦૦૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ A ગ્રેડ | ૧૭૫૦ | ૧૮૩૦ |
| કપાસ B ગ્રેડ | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૧૭૦ | ૨૧૭૦ |
| ઘઉં | ૪૨૧ | ૫૪૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૫૦૦ | ૬૫૦ |
| બાજરી | ૪૦૦ | ૪૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૭ |
| મગ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૭૫૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૦૫ |
| ચોળી | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ચણા | ૧૩૭૧ | ૧૪૮૭ |
| ચણા સફેદ | ૧૬૦૫ | ૨૦૭૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૦૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૭૯ |
| તલી | ૧૨૦૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૨૪૬૦ | ૩૦૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૫૯૫ |
| કપાસ | ૧૬૩૦ | ૧૮૮૦ |
| જીરૂ | ૨૬૫૦ | ૪૫૦૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૭૭૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૩૦૬૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૧૦૧૦ |
| ડુંગળી નાસીક | ૬૦૦ | ૧૦૬૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૯૦ |
| વટાણા | ૫૦૦ | ૮૬૦ |
| કલોંજી | ૧૬૭૦ | ૪૨૦૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૦૦ | ૧૨૬૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૩૪૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૮૩૩ |
| બાજરો | ૪૧૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૬ |
| જુવાર | ૪૫૦ | ૧૪૭૧ |
| તુવેર | ૧૩૨૫ | ૧૫૫૧ |
| ચણા | ૧૨૬૧ | ૧૩૪૧ |
| જીરૂ | ૩૪૦૧ | ૩૪૦૧ |
| અજમા | ૨૩૨૪ | ૨૩૨૪ |
| સોયાબીન | ૧૧૩૨ | ૧૧૩૨ |
| રાય | ૧૭૫૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૨૦૦૦ | ૨૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીની કમાણી કોલેજમાં BCA વિભાગ દ્વારા IT વિષયક કેરિયર સેમિનાર યોજાયો

અમરેલી, તા.૦૫



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આટર્સ કોલેજ ખાતે BCA વિભાગ દ્વારા IT Career વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Red & White Skill & Education તરફથી મુખ્ય વક્તા તરીકે પાર્થ શિયાણી તથા અમરેલી બ્રાંચના ડાયરેક્ટર વૈભવભાઈ ભુવા ઉપસ્થિત રહ્યા હતા. પાર્થ શિયાણીએ વિદ્યાર્થીઓને IT ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. Software Developmen, Web Development, Mobile Application Developmen, Database, Artificial Intelligence તથા Cyber Security સહિતના ક્ષેત્રોની તકો અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે Technical Skills, Programming Skills, Soft Skills, Practical Knowledge, Internship અને Placement અંગે પણ સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પુછી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા HOD પી.વી. ઠુંમર સહિત સ્ટાફે મહેનત કરી હતી. વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી સહિત આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# લાઠી કલાપી સિટી ફીડરમાં વારંવાર વીજ કાપથી વેપારીઓ ત્રાહિમામ

લાઠી,તા.૦૫



તસવીર : જગદીશ ખેર

લાઠી શહેરના કલાપી સિટી ફીડરમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાતા તેમજ વીજ કાપના કારણે શહેરના મુખ્ય બજાર સહિતના વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવાર વીજળી જતી રહેતા વેપાર ધંધા ઉપર સીધી અસર થતી હોવાની ફરિયાદો ઉઠી છે. શહેરમાં લાંબા સમયથી ચાલી રહેલી લો-વોલ્ટેજની સમસ્યા દુર કરવા તાત્કાલિક લોડ શેરિંગ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ છે. કેટલાક વિસ્તારોમાં ડિમાન્ડ કરતા વધુ વીજ વપરાશના કારણે વીજ પુરવઠો ડીમ થવાથી વીજ ઉપકરણોને નુકસાન થવાની સાથે લો-વોલ્ટેજની સમસ્યા સર્જાતી હોવાનો વેપારીઓએ આક્ષેપ કર્યો છે. સમસ્ત લાઠી વેપારી વતી હરેશભાઈ સી. પઢિયાર દ્વારા વારંવાર રજુઆતો છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. વધુ વીજભાર ધરાવતા વિસ્તારોમાં સર્વે કરી લોડ શેરિંગ, ક્ષમતા વધારવા અને નિયમ મુજબ કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોમર્શિયલ વીજ પુરવઠો સતત મળી રહે તે માટે તાત્કાલિક પગલાં લેવા માંગ કરાઈ છે.

# વેરાવળમાં ભાજપના સેવા સંકલ્પ અભિયાન હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ

વેરાવળ,તા.૦૫



વેરાવળમાં ભાજપ શહેર અને ગ્રામ્ય મંડળ દ્વારા સેવા સંકલ્પ અભિયાન હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. ડાભોર રોડ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા કેમ્પમાં ૧૭થી વધુ નિષ્ણાત તબીબોએ હૃદય, આંખ, ચામડી, હાડકા સહિત વિવિધ રોગોની તપાસ કરી હતી. દર્દીઓને નિઃશુલ્ક તપાસ સાથે સાત દિવસની દવા આપવામાં આવી હતી. જરૂરી ટેસ્ટમાં ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ પણ અપાયું હતું. રાજ્યસભા સાંસદ માનસિંહ પરમાર તથા જુનાગઢ સાંસદ રાજેશ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે 'સેવા જ્યોત' આયોજન બેઠક યોજાઈ

અમરેલી, તા.૦૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સળંગ શાસનને ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે "સેવા જ્યોત" કાર્યક્રમ સંદર્ભે આયોજન બેઠક યોજાઈ હતી. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ પ્રથમવાર મુખ્યમંત્રી બનેલા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત અને કેન્દ્રમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. આ ઐતિહાસિક કાર્યકાળની ઉજવણી રૂપે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા ભાજપ દ્વારા આગામી ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ફોરવર્ડ હાઈસ્કુલથી વિદ્યાસભા મેદાન સુધી માર્ચ યોજાશે, જ્યાં પ્રધાનમંત્રીના સંભાષણનું જીવંત પ્રસારણ દર્શાવવામાં આવશે. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના માર્ગદર્શન હેઠળ તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરાઈ હતી. મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીના જણાવ્યા મુજબ કાર્યક્રમને સફળ બનાવવા સંગઠનના વિવિધ મોરચા અને હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

# આવતીકાલે ધારી આઈ.ટી.આઈ. ખાતે પ્લેસમેન્ટ મેળાનું આયોજન

અમરેલી,તા.૦૫

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારી દ્વારા ઓરબીટ બેરીંગ્સ ઈન્ડિયા પ્રા.લિ. માટે પ્લેસમેન્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. આઈ.ટી.આઈ. ધારીના હીમખીમડી, તુલશીશ્યામ રોડ સ્થિત કેમ્પસ ખાતે તા.૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ કલાકે ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ.ના પાસઆઉટ તાલીમાર્થીઓ જોડાઈને રોજગારની તકનો લાભ લઈ શકશે. કંપની દ્વારા પસંદગી પામનાર ઉમેદવારોને રૂ.૧૫,૫૦૦થી રૂ.૧૮,૦૦૦ સુધીનો માસિક પગાર ચૂકવવામાં આવશે. ભરતી મેળામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ આધારકાર્ડ તથા શૈક્ષણિક લાયકાતના જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનુ રહેશે. આ અંગે આઈ.ટી.આઈ. ધારીના આચાર્યએ અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલી મોંઘીબા મહિલા કોલેજના NCC યુનિટનું કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા કરાયું સન્માન

અમરેલી, તા.૦૫



અમરેલી ખાતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, રાજકોટના માર્ગદર્શન હેઠળ પૂર્વ સૈનિક સંમેલન યોજાયું હતું. કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ સૈનિકો અને તેમના પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા. સંમેલનમાં સરકારી યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જામનગર આર્મી ગ્રુપ દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટસ કૉલેજના NCC કેડેટ્સે શહીદોની સ્મૃતિમાં પ્રેરક નાટ્યરચના અને ભક્તિગીત પ્રસ્તુત કર્યા હતા. NCC યુનિટની સક્રિય કામગીરી બદલ ANO લેફિટનેન્ટ પ્રોફેસર મનીષા સગઠીયાનું કલેક્ટર દ્વારા સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉત્કૃષ્ટ યોગદાન બદલ કૉલેજના ટ્રસ્ટીઓ, આચાર્યા અને સ્ટાફે NCC કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી બિલ્ડર એસોસિએશન દ્વારા સીટી સર્વેના પ્રશ્નો અંગે કલેક્ટરને રજૂઆત

અમરલી,તા.૦૫



અમરેલી બિલ્ડર એસોસિએશન દ્વારા આજરોજ અમરેલી કલેક્ટરને સીટી સર્વેમાં પડતી મુશ્કેલીઓ તેમજ સત્તા પ્રકાર B1, B2, B3, B4ના પ્રશ્નો બાબતે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. બિલ્ડરોને સીટી સર્વેની કામગીરી દરમિયાન વિવિધ પ્રકારની મુશ્કેલીઓ પડતી હોવાને કારણે તેના યોગ્ય નિરાકરણ માટે કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નોના કારણે બિલ્ડરો તેમજ મિલકતના કામકાજ સાથે સંકળાયેલા લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું જણાવાયું હતું. આ પ્રસંગે અમરેલી બિલ્ડર એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ સોળિયા, ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા, ચંદુભાઈ વોરા, વિજયભાઈ કાછડીયા, જયસુખભાઈ પાનેલીયા, જતીનભાઈ ચંદારાણા, કિશોરભાઈ સાદરાણી તેમજ વેપારી મહામંડળના હરેશભાઈ સાદરાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે સાથે મળી પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆત કરી હતી અને વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી.

**ચૂંટણીપંચ અને સરકાર સામે કરાયા ગંભીર આક્ષેપો સાથે આંદોલનની ચિમકી**

# અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી ખાતે ધરણા

અમરેલી,તા.૦૫



ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના આદેશ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સૂચના મુજબ અમરેલી કલેક્ટર કચેરી સામે કોંગ્રેસ દ્વારા ધરણા પ્રદર્શન યોજી કલેક્ટર મારફત રાષ્ટ્રપતિને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ ધારાસભ્ય સાવરકુંડલા-લીલીયા તથા જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ચૂંટણી પંચ અને સરકાર સામે આક્ષેપો કરી વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના જણાવ્યા મુજબ ચૂંટણી પ્રક્રિયામાં SIRની કામગીરી દરમિયાન દેશના ૧૫ કરોડથી વધુ મતદારોના નામ કમી કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરી મતાધિકારથી વંચિત રાખવાનો આરોપ લગાવ્યો હતો. ચૂંટણી પ્રક્રિયામાં મનસ્વી કામગીરી કરનાર જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં SIRની કામગીરી દરમિયાન ફોર્મ નંબર ૬માં ખોટી વિગતો ભરવામાં આવી હોવાના આક્ષેપની પણ તપાસની માંગ કરાઈ હતી.

યોગ્ય અને સમયસર કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં આંદોલન અને ગામ બંધ જેવા કાર્યક્રમો કરવાની ચીમકી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખો સહિત આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**સોશિયલ મીડિયામાં જીજ્ઞેશ મેવાણી સામે અભદ્ર ભાષાનો ઉપયોગ થતા**

# અનસુચિત જાતિના આગેવાનો દ્વારા ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

ધારી,તા.૦૫



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના આંબરડી, ચલાલા, ગરમલી સહિતના અનુસૂચિત જાતિના આગેવાનો મોટી સંખ્યામાં ધારી પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના ફેસબુક એકાઉન્ટ ઉપર ધવલ દવે દ્વારા અભદ્ર ભાષામાં ટિપ્પણી કરવાના મામલે લેખિત ફરિયાદ આપી હતી. આગેવાનો દ્વારા આરોપી વિરુધ્ધ સખતમાં સખત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# ઉનામાં સમસ્ત બ્રહ્મસમાજ અને કર્મચારી મંડળનો સન્માન સમારોહ યોજાયો

ઉના,તા.૦૫



તસવીર : કૈલાસ ભટ્ટ

ઉના તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ અને કર્મચારી મંડળ દ્વારા ૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નાથળીયા ઉનેવાળ બૉર્ડિંગના કોમ્યુનિટી હોલમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. મુખ્ય મહેમાન ધર્મેન્દ્રકુમાર ત્રિપાઠી અને રાજીવ શર્માના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. વિજયભાઈ જોશી અને રાજુભાઈ ઉપાધ્યાયની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં ધોરણ ૧થી MBBS પાર્ટ-૨ સુધીના ૧૬૦ વિદ્યાર્થીઓને શિલ્ડ અને ઈનામ આપી સન્માન કરાયું હતું. સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ધોરાજીના પ્લાસ્ટિક રી-પ્રોસેસ ઉદ્યોગ પર વધતા ખર્ચનો માર: ૫૦% યુનિટ બંધ, હજારોની રોજગારી સામે સંકટ

ધોરાજી,તા.૦૫



ધોરાજીમાં પ્લાસ્ટિક વેસ્ટમાંથી રી-પ્રોસેસિંગ કરી દાણા બનાવતો ઉદ્યોગ વધતા ઉત્પાદન ખર્ચને કારણે ગંભીર સંકટમાં મુકાયો છે.

કાચા માલ, કલર-કેમિકલ, ટ્રાન્સપોર્ટેશન અને વીજળીના દરોમાં ધરખમ વધારો થતાં આશરે ૪૦૦માંથી ૫૦ ટકા જેટલા યુનિટો બંધ થઈ ચૂક્યા છે, જ્યારે બાકીના એકમો ૨૪ કલાકને બદલે માત્ર ૧૨ કલાક જ ચાલી રહ્યા છે. વૈશ્વિક ભૌગોલિક તણાવ અને ડીઝલની અછતને લીધે ખર્ચ વધ્યો છે, પરંતુ સ્પર્ધાના કારણે તૈયાર માલના ભાવ વધારી ન શકાતાં નફાકારકતા ખોરવાઈ છે. દેશભરનો પ્લાસ્ટિક કચરો સાફ કરવામાં મહત્વની ભૂમિકા ભજવતા આ ઉદ્યોગમાં મંદી આવવાથી સૉર્ટિંગ, પેકિંગ અને ટ્રાન્સપોર્ટ સાથે જોડાયેલા ૧૦ હજારથી વધુ કામદારોની રોજગારી જોખમમાં મુકાઈ છે. આ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે ઉદ્યોગકારો સરકાર સમક્ષ વીજદરમાં રાહત, સબસિડી, કરમુક્તિ અને નીતિગત સહાય આપવાની તાતી માંગ કરી રહ્યા છે.

# સોનારિયા ખાતે સાંસદ રાજેશભાઈ ચૂડાસમાના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



તસવીર : કૈલેશ ભટ્ટ

વેરાવળ,તા.૦૫

વેરાવળ તાલુકાના સોનારિયા ગામે સાંસદ રાજેશભાઈ ચૂડાસમાના અધ્યક્ષસ્થાને 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને ઘરઆંગણે સરકારી યોજનાઓના લાભો મળી રહે તે માટે યોજાયેલા આ કાર્યક્રમમાં લાભાર્થીઓને પ્રમાણપત્રો અને મંજૂરી હુકમોનું વિતરણ કરાયું હતું. સ્થળ પર જ અરજીઓનો નિકાલ કરાતાં ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

# કોંગોમાં નદી પર બે બોટ વચ્ચે ભયાનક અકસ્માત થતા ૩૦ લોકોના મોત, અનેક ગુમ

**ગુમ થયેલા લોકોની તંત્ર દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી**



લુકોલેલા,તા.૦૫

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં કોંગો નદી પર બે મોટરચાલિત લાકડાની બોટ વચ્ચે સર્જાયેલા દર્દનાક અકસ્માતમાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા છે અને અનેક લોકો ગુમ થયા છે.ઈક્વાટ્યુર પ્રાંતના ગૃહમંત્રી ક્રિસ્પિન મ્પુટુના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ન્ગોમ્બે-લુકોલેલા વિસ્તાર નજીક થયો હતો. એક બોટ ઉબાંગીથી રાજધાની કિન્શાસા તરફ જઈ રહી હતી,

જ્યારે બીજી બોટ કિન્શાસાથી લુકોલેલા જઈ રહી હતી ત્યારે બંને સામસામે અથડાઈ હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, મૃતકોની અંતિમવિધિ કરવામાં આવી છે અને ગુમ થયેલા લોકો માટે શોધખોળ ચાલુ છે. કોંગોના દૂરના વિસ્તારોમાં રાત્રિના સમયે બોટ ચલાવવી, ક્ષમતા કરતાં વધુ મુસાફરો તથા માલસામાન ભરવો અને સુરક્ષાના અભાવને કારણે આવા ભયાનક અકસ્માતો અવારનવાર સર્જાતા હોય છે.

# ભારતીય શેરબજારમાં ઉછાળો : સેન્સેક્સ ૪૭૩ અને નિફ્ટી ૧૩૪ પોઈન્ટના વધારા સાથે બંધ

**સેન્સેક્સની ૩૦ માંથી ૨૦ કંપનીઓના શેર વધીને બંધ રહ્યા**



મુંબઈ,તા.૦૫

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજારે રોકાણકારોને મોટી રાહત આપતાં તેજી સાથે ગ્રીન ઝોનમાં બંધ રહ્યું હતું. કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ ૪૭૨.૭૭ પોઈન્ટ (૦.૬૬%) ના ઉછાળા સાથે ૭૨,૩૮૨.૪૭ ના મથાળે બંધ રહ્યો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ ૧૩૩.૮૦ પોઈન્ટ (૦.૬૦%) વધીને ૨૨,૫૫૫.૭૫ ના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સની ૩૦ માંથી ૨૦ કંપનીઓના શેર વધીને બંધ રહ્યા હતા. જેમાં એફએમસીજી કંપની ITCના શેરમાં સૌથી વધુ ૪.૪૯% નો ઉછાળો જોવા મળ્યો હતો. આ સિવાય એટરનલ, ભારતી એરટેલ, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા શેરોમાં પણ સુધારો નોંધાયો હતો.

બીજી તરફ, એચસીએલ ટેકના શેરમાં સૌથી વધુ ૩.૬૯% નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે એચડીએફસી બેંક અને સન ફાર્મા જેવા શેરો પણ નુકસાન સાથે બંધ રહ્યા હતા.

# રાજ્યસભાની ટિકિટ મળ્યાના એક દિવસ બાદ કોયલ મલિક ભાજપમાં જોડાયા

કોલકાતા, તા.૦૫

બંગાળી ફિલ્મ અભિનેત્રી કોયલ મલિક (રૂક્મિણી મલિક) સોમવારે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ભાજપે તેમને પશ્ચિમ બંગાળની આગામી રાજ્યસભા પેટાચૂંટણી માટે ઉમેદવાર જાહેર કર્યાના એક દિવસ બાદ તેમણે પક્ષમાં પ્રવેશ કર્યો હતો. વયોવૃધ્ધ બંગાળી અભિનેતા રણજિત મલિકની પુત્રી કોયલ મલિકે આ વર્ષે ૯ એપ્રિલે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ તરીકે રાજ્યસભામાં શપથ લીધા હતા અને ૧૬ જુલાઈએ રાજીનામું આપ્યું હતું. સોમવારે ભાજપમાં જોડાયા બાદ તેમણે રાજ્યસભા બેઠક માટે નામાંકન પણ ભર્યું હતું. કોયલ મલિકે કહ્યું કે સંસદના ઉપલા ગૃહમાં રહીને લોકોના કલ્યાણ માટે કામ કરવાની તક મળવી તેમના માટે સન્માનની વાત છે. પશ્ચિમ બંગાળની ખાલી પડેલી રાજ્યસભા બેઠક માટે ૧૬ ઓક્ટોબરે પેટાચૂંટણી યોજાશે.

# ગુનો થયા પછી ધરપકડ પૂરતી નથી, ગુનો બનતો અટકાવવો જરૂરી : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૦૫

દિલ્હી-એનસીઆરમાં બળાત્કાર અને જાતીય હિંસાના વધતા કેસોને લઈને સુપ્રીમ કોર્ટે સુઓ મોટો સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે કહ્યું કે ગુનો થયા પછી આરોપીઓને પકડી ધરપકડ કરવી પૂરતી નથી, પરંતુ ગુનો બનતા પહેલાં તેને અટકાવવો પોલીસની મુખ્ય જવાબદારી છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને ગુના નિવારણ માટેની વ્યવસ્થા અંગે સવાલો કર્યા અને વોર રૂમ, જાતીય અપરાધીઓના રાષ્ટ્રીય ડેટાબેઝ તથા સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારવા સૂચના આપી. કોલેજો આસપાસ મહિલાઓની સુરક્ષા, અનધિકૃત ખાણી-પીણીના સ્થળો અને ત્યાં પીરસાતા દારૂ અંગે પણ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. ૨૦૧૨ના નિર્ભયા કેસનો ઉલ્લેખ કરતાં કોર્ટે ગુના નિવારણ માટે પાયાના સ્તરે કાર્યવાહી કરવા ભાર મૂક્યો. પોલીસ દળમાં અછત હોય તો ભરતી અને તાલીમ વધારવા પણ સૂચના અપાઈ. દિવાળી જેવા તહેવારો દરમિયાન વિશેષ સતર્કતા રાખવા, દિલ્હી-એનસીઆરમાં દિવસ-રાત દેખરેખ વધારવા કોર્ટે નિર્દેશ આપ્યો.

# ચેક બાઉન્સ કેસમાં રૂ.૭.૫ કરોડ ચૂકવવાના મામલે રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટનો ઠપકો

નવી દિલ્હી, તા.૦૫

રૂ.૭.૫ કરોડની ચુકવણી સાથે સંકળાયેલા ચેક બાઉન્સ કેસમાં અભિનેતા રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટે ઠપકો આપ્યો હતો. ચુકવણી અંગે કોર્ટના નિર્દેશોનું પાલન કરવામાં વિલંબ થતાં કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન રૂ.૫૦ લાખના ડિમાન્ડ ડ્રાફ્ટની ફોટોકોપી રજૂ થતાં કોર્ટે તેના પર પણ વાંધો ઉઠાવ્યો હતો. ન્યાયમૂર્તિ જાયમલ્યા બાગચીએ રાજપાલ યાદવના વકીલને કડક સવાલો કર્યા હતા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ફરિયાદીને બાકી રકમ મળવી જોઈએ અને ચુકવણીમાં વધુ વિલંબ સહન કરવામાં આવશે નહીં. કોર્ટે રાજપાલ યાદવની અરજી ફગાવી દેવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ ફરિયાદીના હિતને ધ્યાનમાં રાખીને તેમને ચુકવણી પૂર્ણ કરવાની વધુ એક તક આપી હતી. કોર્ટે ચુકવણી માટે આવતીકાલ સુધીની અંતિમ તક આપી છે.

# બિહાર સબ-ઈન્સ્પેક્ટર પરીક્ષા મુદ્દે પટણામાં ઉમેદવારોએ વિરોધ કરતા પોલીસનો લાઠીચાર્જ



પટણા, તા.૦૫

બિહાર પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની મુખ્ય પરીક્ષા રદ કરવાના નિર્ણય સામે સોમવારે પટણામાં ઉમેદવારોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધી મેદાનથી જેપી ગોલંબર તરફ કૂચ કરી રહ્યા હતા. પોલીસે બેરિકેડ લગાવી તેમને રોકતાં ઉમેદવારોએ બેરિકેડ તોડી નાખ્યા હતા. ત્યારબાદ પોલીસે લાઠીચાર્જ કરી વિરોધીઓને વિખેરી દીધા હતા. ઉમેદવારો બાદમાં ડાક બંગલા સ્ક્વેર તરફ આગળ વધ્યા હતા. ઉમેદવારો મુખ્ય પરીક્ષા રદ કરવાનો નિર્ણય પાછો ખેંચવાની અને શારીરિક કાર્યક્ષમતા કસોટીની તારીખ વહેલી જાહેર કરવાની માંગ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે મુખ્ય પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ ચાર મહિનાથી શારીરિક પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. પરીક્ષા રદ થવાથી તેમની મહેનત અને કારકિર્દી પર અસર થઈ રહી છે. ઉમેદવારોએ દલીલ કરી હતી કે જો કોઈ કેન્દ્ર પર ગેરરીતિ થઈ હોય તો માત્ર સંબંધિત કેન્દ્ર અને દોષિતો સામે કાર્યવાહી થવી જોઈએ.

# લખનૌમાં ગોમતી નદીના પૂરના પાણીથી જનજીવન ઠપ્પ, અનેક વિસ્તારોમાં મુશ્કેલી



લખનૌ, તા.૦૫

ગોમતી નદીના પાણીના સ્તરમાં ઝડપથી વધારો થતાં લખનૌના દુબગ્ગા, જેહતા રોડ, ફૈજુલ્લાગંજ, અટલ ચોક, ગણેશ વિહાર સહિતના વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા છે. જેહતા-માલ રોડ પર આશરે દોઢ ફૂટ પાણી ભરાયું છે. વહીવટીતંત્રના જણાવ્યા મુજબ આગામી ૨૪ કલાકમાં નદીનું જળસ્તર વધુ બે ફૂટ વધી શકે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા ૧૦ બોટ તૈનાત કરવામાં આવી છે. બાળકો, વૃધ્ધો અને સગર્ભા મહિલાઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. પૂરના કારણે ૧,૦૦૦ વીઘાથી વધુ પાકને નુકસાન થયું હોવાની માહિતી મળતાં સર્વે કરવાનો આદેશ અપાયો છે. બીજી તરફ અનેક વિસ્તારોમાં પરિવારો ઘર છોડીને ભાડાના મકાનોમાં રહેવા મજબૂર બન્યા છે. કેટલાક પરિવારો રૂ.૩,૦૦૦થી રૂ.૩,૫૦૦માં રૂમ ભાડે લઈ રહ્યા છે. અસરગ્રસ્તો પીવાના પાણીની અછતનો સામનો કરી રહ્યા છે. નળમાંથી દુર્ગંધયુક્ત પાણી આવતું હોવાની ફરિયાદો પણ ઉઠી છે.

# બંગાળમાં ૬ મહિનામાં યુનિફાઈડ સ્ટેટ રજિસ્ટર ઓફ સિટિઝન્સ લાગુ કરવાની જાહેરાત



કોલકાતા, તા.૦૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્યમાં છ મહિનાની અંદર યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાની જાહેરાત કરી છે. કોલકાતામાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે ઉત્તરાખંડ અને ગુજરાતની જેમ બંગાળમાં પણ યુસીસી લાગુ કરવામાં આવશે. તેમણે લવ જેહાદ, લેન્ડ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ સામે કડક કાયદા બનાવવાની વાત કરી. વીએચપીએ જાહેરાતને સમર્થન આપ્યું છે. રાજ્ય સરકારે યુસીસીનો મુસદ્દો તૈયાર કરવા માટે પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં સમિતિ રચી છે.

# જીએસટી અધિકારીઓની ધરપકડની સત્તા પર કાપ મુકવાની સંભાવના

નવીદિલ્હી, તા.૦૫

જીએસટી કાઉન્સિલ ૭ ઓક્ટોબરની બેઠકમાં કર અધિકારીઓની ધરપકડની સત્તા મર્યાદિત કરવા અંગે વિચારણા કરી શકે છે. પ્રસ્તાવ મુજબ, જીએસટી અધિકારીઓ દ્વારા કોઈપણ ધરપકડ માટે કોર્ટની મંજૂરી ફરજિયાત બનાવાઈ શકે છે. ગુનાઓમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની મર્યાદા રૂ.૧ કરોડથી વધારીને રૂ.૫ કરોડ કરવાની પણ દરખાસ્ત છે. માલ-સેવાઓના વર્ગીકરણ, મૂલ્યાંકન અથવા ઈનપુટ ટેક્સ ક્રેડિટ અંગેના સામાન્ય વિવાદોમાં ફોજદારી કાર્યવાહી ન થાય તેવો ફેરફાર પણ સૂચવાયો છે. આ દરખાસ્તો આગામી પેઢીના જીએસટી સુધારાનો ભાગ છે. સાથે જ નોંધણી સરળ બનાવવા, ઝડપી રિફંડ અને ઈનપુટ ટેક્સ ક્રેડિટ પ્રક્રિયા સરળ બનાવવાની જોગવાઈઓ પર પણ વિચારણા થઈ શકે છે.

# રશિયામાં પ્લેગની આશંકાથી ભયનો માહોલ, ૨૦૦ લેબ કર્મચારીઓ ક્વોરેન્ટાઈન કરાયા



મોસ્કો, તા.૦૫

રશિયાના સાઈબિરીયા વિસ્તારમાં શેલેખોવ સ્થિત એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એક લેબ કર્મચારીના ન્યુમોનિયાથી મોત બાદ પ્લેગની આશંકા સર્જાઈ છે. સાવચેતીના પગલારૂપે આશરે ૨૦૦ કર્મચારીઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. રોસ્પોટ્રેબનાડઝોરના જણાવ્યા મુજબ, નજીકના સંપર્કમાં આવેલા લોકો તબીબી દેખરેખ હેઠળ છે અને અત્યાર સુધી તેમના પરીક્ષણો નેગેટિવ આવ્યા છે. અધિકારીઓએ લોકોને ગભરાવાની જરૂર ન હોવાનું જણાવ્યું છે.

પ્લેગની પુષ્ટિ હજુ થઈ નથી.

# ‘સુબેદાર’ને એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો ખિતાબ



મુંબઈ, તા.૦૫

અનિલ કપૂરની ફિલ્મ ‘સુબેદાર’એ એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં ભારત માટે શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. સુરેશ ત્રિવેણી દિગ્દર્શિત આ એક્શન-ડ્રામા ફિલ્મમાં અનિલ કપૂરે નિવૃત્ત સૈનિક અર્જુન મૌર્યની ભૂમિકા ભજવી છે. ફિલ્મમાં સામાજિક અન્યાય સામેનો સંઘર્ષ અને પિતા-પુત્રીના તણાવપૂર્ણ સંબંધોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. અર્જુન મૌર્યના પાત્ર માટે અનિલ કપૂરને શ્રેષ્ઠ અભિનેતા, અગ્રણી ભૂમિકા શ્રેણીમાં પણ નામાંકન મળ્યું છે. તેમણે આ સન્માનને ચાર દાયકાથી વધુ લાંબી કારકિર્દીની ખાસ ક્ષણ ગણાવી હતી અને સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

‘સુબેદાર’ પ્રાઈમ વિડિયો પર રિલીઝ થઈ હતી. ફિલ્મમાં એક્શન સાથે પિતા-પુત્રી વચ્ચેના ભાવનાત્મક સંબંધોને પણ મહત્વ આપવામાં આવ્યું છે. એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં ભારતને મળેલી આ સફળતાને ફિલ્મની ટીમે ગૌરવપૂર્ણ સિદ્ધિ ગણાવી છે.

# ઈમરાન ખાનની મુક્તિ માટે પાકિસ્તાનમાં પીટીઆઈનો લોંગ માર્ચ, ઈસ્લામાબાદમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ




ઈસ્લામાબાદ, તા.૦૫

પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિની માંગ સાથે તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ ખૈબર પખ્તુનખ્વાથી ઈસ્લામાબાદ તરફ લોંગ માર્ચ શરૂ કર્યો છે. સરકાર અને પીટીઆઈ વચ્ચેની વાટાઘાટો નિષ્ફળ રહ્યા બાદ આ કૂચ શરૂ કરવામાં આવી છે. ઈસ્લામાબાદમાં જાહેર સભાઓ અને પ્રદર્શન પર કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ છે, જ્યારે સંસદ સહિતના મહત્વના વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. પીટીઆઈના નેતાઓના જણાવ્યા મુજબ, હજારો સમર્થકો લગભગ ૨૭૫ કિલોમીટરનો પ્રવાસ કરીને રાજધાની તરફ આગળ વધી રહ્યા છે.

પક્ષના કાર્યકરોની ધરપકડનો પણ દાવો કરવામાં આવ્યો છે. પીટીઆઈ ઈમરાન ખાનને જેલમાં મળવાની અને તેમની તબીબી તપાસ કરાવવાની મંજૂરીની માંગ કરી રહી છે. ઈમરાન ખાન ૨૦૨૩થી જેલમાં છે અને તેમના વિરુધ્ધ અનેક કેસ ચાલી રહ્યા છે. સરકારનું કહેવું છે કે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પ્રદર્શનકારીઓને ઈસ્લામાબાદમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં.

# અમરેલી એલ.સી.બી.એ કુંકાવાવ નજીક વિદેશી દારૂ સાથે કાર ઝડપી



અમરેલી,તા.૦૫

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ ટીમ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન બાતમી મળેલ કે કુંભાજી દેરડી તરફથી એક સ્વીફ્ટ કારમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની બોટલો ભરી મોટી કુંકાવાવ તરફ આવે છે. ટીમે કુંકાવાવ રેલ્વે ફાટક પાસે વોચ ગોઠવી હતી. કાર આવતા ઉભી રાખવા ઈશારો કરતા કાર ઉભી રહેલ નહી અને પાછી વળીને ભાગેલ. પોલીસે પીછો કરી કારને રોડ ઉપર ઉભી રખાવી હતી. કારમાં બેસેલ બે ઈસમો પૈકી એક નાસી ગયેલ અને એકને દારૂની બોટલો સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી સાગર અરજણભાઈ થળેચા, ઉંમર ૨૩, રહે. ધારી, નબાપરા, મંદીર ચોક, મુળ રહે. કાંગચા છે. જ્યારે રવિરાજભાઈ બદરૂભાઈ વાળા, રહે. માલસીકાવાળો ફરાર થઈ ગયો હતો. મુદ્દામાલમાં ઓલ સીઝન્સ ગોલ્ડ કલેકશન ૭૨ બોટલ, રોયલ ચેલેન્જ ૧૦૬ બોટલ, રોયલ સ્ટેગ ૭૫૦ એમ.એલ.ની ૨૪ બોટલ અને ૧૮૦ એમ.એલ.ની ૧૪૪ બોટલ મળી કુલ ૩૪૬ બોટલ કિંમત રૂ.૧,૮૩,૨૮૪ તથા મોબાઈલ ફોન રૂ.૧૦,૦૦૦ અને કાર રૂ.૩,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૪,૯૩,૨૮૪નો મુદ્દામાલ કબજે લેવાયો છે. આરોપી તથા મુદ્દામાલ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપાયો છે.

**૩૪૬ બોટલ દારૂ અને સ્વિફ્ટ કાર મળી કુલ ૪.૯૩ લાખનો મુદ્દામાલ કબજે, એક આરોપી ફરાર**

# વડિયાના અરજણસુખ-તોરીમાં પાંચ લોકો પર હુમલો કરનાર સિંહણનું મોત



અમરેલી,તા.૦૫

વડિયા તાલુકાના અરજણસુખ અને તોરી ગામના સીમ વિસ્તારમાં એક જ દિવસમાં પાંચ જેટલા લોકો પર હુમલો કરી હાહાકાર મચાવનાર વિફરેલી સિંહણનું રેસ્ક્યૂ કર્યા બાદ મોત નિપજ્યું છે. સિંહણને વનવિભાગની ટીમ દ્વારા પકડી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી હતી. જોકે ત્યારબાદ તેની તબિયત લથડતા તેનું મોત થયું હતુ. સિંહણમાં પ્રાથમિક તપાસ દરમિયાન હડકવા જેવા લક્ષણો જોવા મળ્યા હોવાનું સામે આવ્યુ છે. જેના પગલે વનવિભાગમાં ગંભીર ચિંતા વ્યાપી છે. સિંહણના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તેના મૃતદેહનું જરૂરી તબીબી પરીક્ષણ કરવામાં આવશે. સમગ્ર ઘટનાને પગલે વનવિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદમાં દારૂના નશામાં ધૂત PSIએ કાર ઠોકી, લોકોએ ઘેરી લેતાં પોલીસ અટકાયત



અમદાવાદ,તા.૦૫

અમદાવાદના એમ ડિવિઝન ટ્રાફિકના પીએસઆઈ ભરત પંડ્યાએ સાબરમતી વિસ્તારમાં દારૂના નશામાં અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તેમને ઘેરી લીધા હતા અને તેમની કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. સાબરમતી પોલીસે સ્થળ પર પહોંચી પીએસઆઈની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાં 'ક્લબ ૭૧ જીમ'પર પોલીસે દરોડો પાડી ૧૦૦ યુવતીઓના ૧૩૦૦થી વધુ વાંધાજનક ફોટા-વીડિયો જપ્ત કર્યા



સુરેન્દ્રનગર,તા.૦૫

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુને મળેલી અનામી અરજીના આધારે પોલીસે ચર્ચિત 'ક્લબ ૭૧ જીમ' પર દરોડો પાડ્યો હતો. એએસપી વેદિકા બિહાનીની ટીમે ગ્રાહકના વેશમાં જઈને જીમ માલિક આમીન યાસીન મુલતાનીને ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં આશરે ૧૦૦ યુવતીઓ સાથે જોડાયેલા ૧૩૦૦થી વધુ વાંધાજનક ફોટા અને વીડિયો મળી આવ્યા છે. આ ઉપરાંત સ્થળ પરથી ૧૭ ચેક, આધાર કાર્ડ, નોટરી કરારો અને હિસાબી ચોપડાઓ જપ્ત કરાયા છે. જેથી તેની સામે ગેરકાયદે નાણાં ધીરધાર અને બ્લેકમેઈલિંગની શંકાના આધારે પણ તપાસ શરૂ કરાઈ છે.

જીમની ભૂતપૂર્વ રિસેપ્શનિસ્ટે માનસિક ત્રાસ અને ધમકી અંગે આપેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. કોર્ટે આરોપી આમીન મુલતાનીના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

# રાજ્યમાં UCCની જાહેરાત બાદ મેરેજ સર્ટિફિકેટ મેળવવા લોકોમાં દોડધામ



અમદાવાદ,તા.૦૫

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC)નું ગેઝેટ પ્રકાશિત થતાં જ લગ્ન નોંધણી કરાવવા માટે લોકોમાં ભારે દોડધામ જોવા મળી રહી છે. નવા નિયમોમાં લગ્નના ૬૦ દિવસમાં નોંધણી ન કરાવવા પર રૂ.૧૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ છે. જાગૃતિ અને ચિંતા વધતા અમદાવાદમાં દૈનિક ૧૫૦-૨૦૦ અરજીઓની સામે ૭૦૦થી વધુ અરજીઓ નોંધાઈ રહી છે. ઓનલાઈન પોર્ટલ પર અરજીઓનો ઉપાડ વધતાં એપોઈન્ટમેન્ટ સ્લોટ મેળવવા માટે લોકોને રાહ જોવી પડી રહી છે.

# પડતર પ્રશ્નોને લઈને રાજયના૧૦ હજારથી વધુ મહેસૂલી કર્મચારીઓ માસ CL પર



અમદાવાદ,તા.૦૫

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં પ્રમોશન, ફિક્સ પે અને બદલી જેવા વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ૧૦ હજારથી વધુ વર્ગ-૩ના રેવન્યુ ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદારો માસ CL પર ઉતરી ગયા છે.

અમદાવાદના ૪૫૦, વડોદરાના ૩૫૦, રાજકોટના ૪૫૦ અને સુરતના ૫૦૦થી વધુ કર્મચારીઓ સામૂહિક રજા પર જતાં જનસેવા કેન્દ્રો પર અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

સરકારી કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે અને કર્મચારીઓએ પોતાનો વિરોધ આવતીકાલે પણ યથાવત રાખવાની જાહેરાત કરી છે. મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો સરકાર દ્વારા તેમના પ્રશ્નો અંગે યોગ્ય અને સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે, તો ૭ ઓક્ટોબરથી સમગ્ર રાજ્યના મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરશે.

# વકિલોના જોરદાર વિરોધ બાદ રાજય સરકારે ભાડા વિધેયક પર રોક લગાવી

**રાજ્યપાલે પણ બિલ પર સહી કરવાનું મોકૂફ રાખ્યું**

અમદાવાદ,તા.૦૫

ગુજરાત ભાડા બિલ ૨૦૨૬ની વિવાદાસ્પદ જોગવાઈઓને લઈને રાજ્યભરમાં વકીલોનો ભારે વિરોધ અને હડતાળ વચ્ચે મહત્વના અહેવાલ સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટના એડ્વોકેટ જનરલે જણાવ્યુ કે સરકાર વકીલો સાથે મળીને તેમની માંગણીઓ અંગે ફરી વિચારણા કરશે. હાલ સરકારે નવા નિયમ પર રોક લગાવી દીધી છે અને રાજ્યપાલે પણ બિલ પર સહી કરવાનું મોકૂફ રાખ્યુ છે. સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે ત્યાં સુધી જૂનો કાયદો જ અમલમાં રહેશે.




છેલ્લા કેટલાક દિવસોથી બિલની જોગવાઈઓને લઈને રાજ્યના ૧૮૨ જેટલા વકીલ મંડળોમાં ભારે નારાજગી હતી. વિરોધના આહ્વાન પગલે આજે પાંચમી ઓક્ટોબરે ગુજરાત હાઈકોર્ટ એડ્વોકેટ્સ એસોસિયેશન પણ કોર્ટની કામગીરીથી સંપૂર્ણ અળગું રહ્યુ હતુ, જેના કારણે હાઈકોર્ટ સહિત નીચલી કોર્ટોમાં ન્યાયિક કામગીરી ખોરવાઈ ગઈ હતી.

# શિનોરમાં તાલુકા પંચાયતના પૂર્વ મહિલા સભ્યની હત્યાઃ બે વર્ષથી સાથે રહેતો સતિષ વસાવા ઝડપાયો



શિનોર,તા.૦૫

શિનોર તાલુકાના છાણભોઈ ગામમાં તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય અને આશા વર્કર મનીષાબેન વસાવાની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. પતિના અવસાન બાદ મનીષાબેન છેલ્લા બે વર્ષથી સતીષ વસાવા સાથે રહેતાં હતાં. ઘટના બાદ શિનોર પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ગુનો નોંધી ફરાર આરોપી સતીષને ઝડપી પાડ્યો છે.

# વિસાવદર પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ

જૂનાગઢ,તા.૦૫

વિસાવદર નગરપાલિકામાં પ્રમુખ દયાબેન ભરતભાઈ સોલંકી સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થતા રાજકીય વાતાવરણ ગરમાયુ છે. ભાજપના ૧૪ અને કોંગ્રેસના ૩ મળી કુલ ૧૭ સભ્યોએ પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી છે. પ્રમુખ મનમાની અને અણઘડ વહીવટ કરતા હોવાના આક્ષેપો સભ્યો દ્વારા કરવામાં આવ્યા છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ મુજબ કલમ ૩૬(૧) હેઠળ આ દરખાસ્તની નોટીસ આપવામાં આવી છે. નોટીસમાં જણાવ્યા મુજબ નગરપાલિકાના કુલ સભ્યોની સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોના સમર્થનથી દરખાસ્ત રજુ કરવામાં આવી છે. હવે આ દરખાસ્તને લઈને નગરપાલિકામાં આગામી દિવસોમાં રાજકીય ખેંચતાણ વધવાની શક્યતા છે.

# કીર્તિ પટેલની સાથી સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા ઝડપાઈ

સુરત,તા.૦૫

રૂ.૩.૧૨ કરોડના રાજુ ભમ્મર ખંડણી કેસમાં સુરત પોલીસે લાંબા સમયથી ફરાર સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાની સાસણગીરથી ધરપકડ કરી છે. અદાલતે તેના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. કીર્તિ પટેલ સાથે મળીને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી વસૂલવાનો તેની સામે આરોપ છે.


## Amreli Nagarik Sahakari Bank Ltd., Amreli, Dist. Amreli

**Tender Notice**

On behalf of the Amreli Nagarik Sahakari Bank Ltd. Amreli, Dist. Amreli, online tenders are invited under the self-financing for the following work:

Name of Work: Furniture work for New Branch at. Savar Kundala, C.S.No.4379 Paiki, Mahuva Road, Savar Kundala, Tal. Savar Kundala, Dist. Amreli

| | |
|---|---|
| Estimated Cost: Rs. 34,97,691/- EMD (Earnest Money Deposit): Rs.87,450/- | Tender Fee: Rs.1500/- Time Limit for Completion: 3 (Months) |
| Tender Download & Submission Last Date & Time: | Date: 14/10/2026 up to 18:00 hrs. |
| Physical Submission Last Date & Time: | Date: 17/10/2026 up to 15:00 hrs. |
| Tender Opening Date & Time: | Date: 17/10/2026 at 16:00 hrs. |
| Website: | www.nprocure.com |

Detailed information regarding the tender is available in the tender document. For further details, contact the Manager of the Amreli Nagarik Sahakari Bank Ltd. Amreli, during Bank hours. Note: The authority reserves the right to accept or reject any or all tenders without assigning any reason.

Manager Sanjay A. Rajpara | C.E.O. Dilip V. Dhorajiya






પ્રથમ માસિક પુણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**





**સ્વ. વાલજીભાઈ શામજીભાઈ જેસાણી**

સ્વર્ગવાસ તારીખ ૬/૯/૨૦૨૬ રવિવાર

સમય જીંદગીનો ઓછો હશે ! કયા ખબર હતી. વિદાય તમારી અણધારી હશે ! કયા ખબર હતી. સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, હળવા પગલે અણધારી વિદાય લઈ ગયા, અમ હૃદયના ઉંડા ઘાવ દિલમાં આપી ગયા, એક માસ વિતવા છતા મન હજુ માનવા તૈયાર નથી, કે તમે અમ વચ્ચેથી ઈશ્વરના ચરણોમાં શાશ્વત લીન થઈ ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.....

લી.

દિનુભાઈ શામજીભાઈ જેસાણી (ભાઈ) | ચિરાગ દિનુભાઈ જેસાણી (ભત્રીજા)
દિવ્યાંગ દિનુભાઈ જેસાણી (ભત્રીજા) | માહીન પંકજકુમાર બોઘરા (ભાણેજ)

સમસ્ત જેસાણી પરિવારના જય શ્રી કૃષ્ણ
ગામ જેસીંગપરા, અમરેલી.